# પ્રકરણ : ૩

# વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ

# પ્રકરણ : 3

# વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ

ગુજરાતી સાહિત્યકારોમાં વર્ષા અડાલજાનું નામ મોખરે છે. તેમણે નવલકથાઓ, વાર્તાસંગ્રહો, નાટકો, નિબંધ, પ્રવાસવર્ણનો લખ્યાં છે. તેમણે પ્રારંભિક કાર્ય તરીકે ટૂંકી વાર્તા લખી હતી. ઈ.સ. ૧૯૬૬માં 'મુંબઈ સમાચાર'માં તેમની પ્રથમ વાર્તા 'ગુલાબો' છપાઈ હતી. ત્યારબાદ નવલકથા 'શ્રાવણ તારાં સરવડાં' લખી. તેમનાં પ્રથમ વાર્તાસંગ્રહ 'સાંજને ઉંબર'થી લઈને 'તને સાચવે પારવતી'માં વિષયનું વૈવિધ્ય છે. તેમની લગભગ ૧૭૦ વાર્તાઓમાંથી અર્ધાથી વધુ વાર્તાઓમાં સ્ત્રીવિષયક કથાનક છે. સ્ત્રીની વેદના સ્ત્રીની કલમે વધુ સ્પષ્ટ આકાર લે છે એમ તેમનું માનવું છે. એટલે જ એ કહે છે,

"સર્જકની એમ તો કોઈ જાતિ નથી હોતી પણ આટલા લાંબા અનુભવ પછી મને એવું લાગે છે કે સ્ત્રીઓની અમુક વિશિષ્ટ અનુભૂતિ, વિશિષ્ટ પરિસ્થિતિની વાત સ્ત્રી વધુ સારી રીતે મૂકી શકે અને આમ થવું એ કોઈ ફેમિનિઝમ નથી."[i]

એક પત્રકાર તરીકેની કારકિર્દીમાં તે અનેક લોકોના સંપર્કમાં આવ્યા છે. વકીલમિત્રની ઑફિસમાં બેસતાં ત્યારે કેટલીય હતભાગી સ્ત્રીઓની વેદના જોઈ છે. જીવનની એ નક્કર વાસ્તવિકતા તેમની વાર્તાઓ માટેના વિષયો બન્યા છે. પોતાની આસપાસ આકાર લેતી દરેક ઘટના તેમણે પોતાની દૃષ્ટિએ જોઈ, તપાસી છે. તેમાં કલ્પનાના રંગો પૂરીને તેને હૃદયસ્પર્શી પરિમાણ આપ્યું છે. તેમની વાર્તાઓની પાત્રસૃષ્ટિ વાચકને ભિન્ન ન લાગતાં, પોતાની જ હોય એમ લાગે છે. સ્ત્રીઓના સંઘર્ષને લઈને વાર્તાઓ રચવા પાછળનું એમનું માનસ આ વાતમાં જોઈ શકાય છે,

"એક આખો તબક્કો એવો આવ્યો જેમાં સ્ત્રીઓને થતાં અન્યાય, શોષણ, તેની પીડા વિષે વાંચતાં, જોતાં એનો સીધો મોંમેળાપ થતાં છેક ભીતર સુધી સમસમી જવાયું. સાસરિયાઓએ બાળી મૂકેલી, કોલસો થઈ ગયેલી સ્ત્રીને નજર સામે આક્રંદ કરતી જોઈને રાતોની રાતો ઊંઘ નથી આવી..."[ii]

નારીકેન્દ્રી વાર્તાઓના લેખન માટેની તેમની માનસિકતા આ વિધાન પરથી જ સમજી શકાય છે. તેમના અંતરમનને હચમચાવી દેનારી ઘટનાઓ વાર્તાઓ માટેનું પ્રેરકબળ બની છે. તેમની વાર્તાઓની નાયિકાઓ આ પ્રકારની વેદનામાંથી પસાર થાય છે. આ સ્ત્રીઓ ભિન્ન સામાજિક પ્રશ્નોને કારણે ભાવનાત્મક સંઘર્ષ અનુભવે છે. આ સંઘર્ષ સમાજનાં અલગ અલગ તત્ત્વો સામે હોય છે. જેનું નિરૂપણ આ પ્રકરણમાં છે. આ સંઘર્ષ પાછળ ભાવનાનું તત્ત્વ કામ કરે છે.

આ પ્રકરણમાં વર્ષા અડાલજાનાં ૭ વાર્તાસંગ્રહોમાંથી ૭૬ વાર્તાઓ પસંદ કરી છે. વાર્તાઓને સંદર્ભે સ્ત્રી-પાત્રોને અનુભવાતા સંઘર્ષની વાત કરી છે. પ્રકરણમાં વિવિધ સંઘર્ષમાં પડેલી સ્ત્રીઓની આંતરિક વેદનાને વાચા મળી છે. સંઘર્ષ માટે જવાબદાર પરિબળોને સમજાવ્યાં છે. આ સંઘર્ષને કારણે સ્ત્રીઓની માનસિક અને શારીરિક સ્થિતિમાં કેવાં પરિવર્તનો આવે છે તેની ચર્ચા કરી છે. આ ભાવનાત્મક સંઘર્ષને ચાર શ્રેણીમાં વિભાજિત કર્યો છે. સંઘર્ષને તેની તીવ્રતા પ્રમાણે ગોઠવ્યો છે. જે સંઘર્ષની તીવ્રતા વધુ હોય તેને પ્રથમ અને તે પ્રમાણે ઉતરતા ક્રમમાં ગોઠવણી કરી છે.

૧. સ્ત્રીનો સ્વ સાથેનો સંઘર્ષ

૨. સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ

૩. સ્ત્રીનો સમાજ સાથેનો સંઘર્ષ

૪. સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ

## જૂથ-૧ : સ્ત્રીનો સ્વસંઘર્ષ

આ અભ્યાસ અંતર્ગત ભિન્ન ઓળખ ધરાવતી સ્ત્રીઓની વાત વણી લેવામાં આવી છે. આ જૂથની ૪૬ વાર્તાઓમાં સ્ત્રીનો પોતાની જાત સાથેનો સંઘર્ષ રજૂ કર્યો છે. જેમાં ૧૭ વાર્તાઓમાં સ્ત્રીઓનો સંઘર્ષ તીવ્રપણે ઊપસી આવતો દેખાય છે. ૨૧ વાર્તાઓમાં સ્ત્રીનો સ્વસંઘર્ષ ઓછી તીવ્રતા સાથે રજૂ થયો છે. ૮ વાર્તાઓમાં સ્વસંઘર્ષની તીવ્રતા સાવ ઓછી છે. આ વાર્તાઓમાં શિક્ષિતથી માંડીને અભણ, ઉચ્ચ-શ્રીમંત વર્ગથી લઈને રાંક-ભિક્ષુક સ્ત્રીઓની સમસ્યાઓને આકાર મળ્યો છે. મુગ્ધ અને પ્રૌઢા, યુવાન અને વૃધ્ધ, સધવા અને વિધવા દરેક સ્ત્રીઓની વેદનાને અહીં સ્થાન મળ્યું છે.

આ વાર્તાઓમાં રોજની દિનચર્યામાં અટવાયેલી સ્ત્રીઓની આંતરિક મથામણ રજૂ થઈ છે. ત્યક્તા દીકરીનું પિયરમાં સ્થાન દર્શાવતી વાર્તા છે. અન્ય જ્ઞાતિમાં પરણવા માગતી પુત્રી સામે માતાની નારાજગીને કારણે સંઘર્ષ થાય છે. તેની સામે પુત્રીનો વિદ્રોહ જોઈ શકાય છે. સ્વબચાવ માટે ખૂન કર્યા પછી પતિની રાહ જોતી અને ભરોસો તૂટતાં નિરાશ થતી સ્ત્રી છે. હજી પૃથ્વી પર જન્મ જ નથી લીધો અને છતાં મોતને ઘાટ ઉતારી દેવાય છે એવી દીકરીના સંઘર્ષને પણ વાચા મળી છે. પુરુષની સાથે સ્ત્રીના લગ્નેતર સંબંધોની વાત પણ દેખાય છે.

પતિ અને પુત્ર વચ્ચેના અણબનાવને કારણે પીડાતી નારીની વેદના રજૂ થઈ છે. જેલના વાતાવરણમાં ગૂંગળામણ અનુભવતી અને ભાગી છૂટવા મથતી સ્ત્રીની સામે જાતે જેલનો સ્વીકાર કરતી સ્ત્રીનો માનસિક પરિતાપ દર્શાવ્યો છે. પતિની અવહેલનાને કારણે ઝૂરતી સ્ત્રીની સામે સ્વપ્નપુરુષની હૂંફ શોધતી સ્ત્રીઓનો સ્વસંઘર્ષ રજૂ થયો છે. કુંવારી અને શ્યામ વર્ણને કારણે લગ્નસંસ્થામાં પાછળ રહી ગયેલી યુવતી મનોમન મૂંઝાય છે. યુવાનીમાં પ્રવેશ કરી રહેલાં બાળકોના ગેરવર્તનને કારણે અકળાતી સ્ત્રીઓ આ જૂથમાં સ્થાન પામી છે. બાળકો ન

હોવાને કારણે હિજરાતી સ્ત્રીઓની તીવ્ર વેદના છે. તેની સામે સામે અપંગ બાળકો જન્મવાને કારણે સ્ત્રીઓનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો છે.

યુવાન પુત્ર છોડીને ચાલ્યા જતાં માતાઓની પીડાને અહીં સ્થાન મળ્યું છે. દીકરીને એકવાર પરણાવી દીધા પછી પિયરના ઘરમાં તેનું સ્થાન નથી એ વાતનો અફસોસ થતાં સ્ત્રી સંઘર્ષ અનુભવે છે. સામસામે વાતચીતના અભાવે એકબીજાથી અંતર રાખતી સાસુ-વહુનો માનસિક સંતાપ છે.

**'મુક્ત કારાગાર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

અવની અને પરિતોષ દંપતી છે. પરિતોષનો મિત્ર કેદાર નશામાં અવની સાથે બળજબરી કરવાનો પ્રયત્ન કરે છે. અવનીથી સ્વબચાવ માટે તેની હત્યા થાય છે. આ બદલ તેને સજા થાય છે. અવની નિશ્ચિંત મને દિલ્લી ગયેલા પરિતોષની રાહ જુએ છે. તેને વિશ્વાસ છે કે પરિતોષ કોઈ પણ ભોગે તેની પડખે ઊભો રહેશે. પરિતોષ પાછો ફરે છે. અવની જુએ છે કે પરિતોષને પોતાની પરવા નથી. તે અવનીએ કરેલ કૃત્યને કારણે સમાજમાં પોતાની પ્રતિષ્ઠા બગડી એવો વિચાર કરે છે. અવનીના મન પર શી વીતી છે એનો એને વિચારમાત્ર પણ નથી. પરિતોષ તરફથી થયેલ વિશ્વાસભંગને કારણે અવની મનોમંથન અનુભવે છે. અવનીનો સંઘર્ષ દર્શાવતો પરિતોષ અને અવની વચ્ચેનો સંવાદ જુઓ:

"જે બન્યું તે. હવે સત્યનો સામનો કર્યા વિના છૂટકો પણ નથી. તારો કેસ લડવાની મારી ફરજ છે, અનુ."

ફરજ શબ્દથી દાઝી ગઈ હોય એમ અવની તરત જ બોલી ગઈ: 'બસ, માત્ર ફરજ ખાતર જ મારો કેસ લડશો? ફરજ, પ્રતિષ્ઠા- એ શબ્દોથી તમારો વિચાર કરવાને બદલે તમે મારો, માત્ર મારો જ વિચાર નથી કરતા? મેં શું વેદના અનુભવી એ નહીં પૂછો મને?' (પૃ.૬૧)

અવનીને પરિતોષના પ્રેમ ઉપર સંપૂર્ણ ભરોસો હતો. પણ અવની જુએ છે કે પરિતોષને પોતા કરતાં વધુ ચિંતા સમાજમાં પોતાની છબી ખરડાય એની છે. આ સંવાદમાં અવનીનો પરિતોષ તરફનો સંઘર્ષ છતો થાય છે.

"તું સમજતી કેમ નથી અનુ? તારી વાત સાચી છે, પણ આ... આખી ઘટના કેવી ભયંકર છે! તારા પર ખૂનનો આરોપ મુકાય... કેસ ચાલે... લોકો મસાલેદાર ચર્ચા કરે... અને મારી સ્થિતિ એટલી વિચિત્ર બની ગઈ છે કે શું કરું, સમજાતું નથી." (પૃ. ૬૧)

"બસ કરો પરિતોષ! તમે સ્વાર્થી તો છો, કાયર પણ છો." (પૃ.૬૨)

**'સાક્ષી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રોઝાને મોટી ઉંમર બાળક અવતરવાનું છે. તેના પતિના અકસ્માતમાં બન્ને પગ કપાઈ ગયા છે. તેની નોકરી ચાલી ગઈ છે. હવે તેને પતિ તરફથી બીજા બાળકની આશા નથી. બેહાલ આર્થિક પરિસ્થિતિને કારણે તે લાચાર છે. તેને એક પગ વાળી બાળકી જન્મે છે. આથી, તેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચે છે.

"મારી નાની સરખી બચત, ઘરવખરી બધું જ વેચીસાટીને મારા પતિની સારવાર કરી. હવે... હવે... આ આવનાર બાળકની આશા પર જ જીવીએ છીએ." (પૃ. ૧૧૧)

**'પ્રેમગલી અતિ સાંકરી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

સીમાના લગ્નને બાર વર્ષ થયાં છે. આ દરમ્યાન તે બે વાર ગર્ભવતી થાય છે. તેનાં નવજાત શિશુ મૃત્યુ પામે છે. આ કારણે સીમાના સંઘર્ષનો આરંભ થાય છે. સીમાની મા બનવાની ઇચ્છા પૂરી થતી નથી. તેની મથામણ વધે છે. સીમાનો બાળક માટેનો તલસાટ અને મથામણ આ વાક્યમાં દેખાય છે.

"જો બાળક જ ન થયું હોત તો હું એ દુ:ખ જીરવી શકી હોત. દુનિયામાં લાખો દંપતીઓને સંતાન નથી હોતાં. પણ મહિનાઓ એનાં સ્વપ્નો જોઈ એને એક વાર છાતી... મૃત્યુ

છાપામાર ગેરિલાની જેમ અચાનક એને ઝૂંટવી જતું એ મારા માટે છેક અસહ્ય હતું. અને... આ ઘા હું જીરવી ન શકી." (પૃ.૧૨૧)

**'અમે રે ઊડણ ચરકલડી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

શાંતાનો પતિ અનંત કામમાં ખૂબ વ્યસ્ત થઈ ગયો છે. દીકરો મયૂર મોટો થયો છે. તે શાળાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત છે. શાંતા એકલી પડી ગઈ છે. તેને એક મૂકબધિર બાળકી શ્યામા જન્મે છે. શાંતા શ્યામાના ઉછેરને લઈને ચિંતિત છે. તે આ માટે અનંતનો સહકાર ઇચ્છે છે. અનંતને શ્યામા માટે લાગણી જ નથી. તે શાંતાને મદદ કરતો નથી. તે શાંતાને પણ શ્યામાની ચિંતા છોડી દેવા કહે છે. માતૃપ્રેમને વશ શાંતા એમ કરી શકતી નથી. શાંતાની લાચારી અને અનંતની શ્યામા તરફની ઉપેક્ષા શાંતાના સંઘર્ષને વધારે છે. આ વાક્યમાં શાંતાની વેદના છે:

"...અહીં મને રોકી લે એવું બંધન પણ નથી. હાથ પર ઊગી ગયેલી છઠ્ઠી આંગળીની જેમ હું અનંતના સંસારમાં જ છું – છતાં અલગ, વેગળી..." (પૃ. ૧૭૬)

**'કેટલીક મધુર ક્ષણો' (એંધાણી, ૧૯૮૯)**

સુજાતાને બે વર્ષનો માનસિક વિકલાંગ બાળક રાહુલ છે. જેનો શારીરિક વિકાસ પણ શક્ય નથી. ઘણી સારવાર છતાં તે સામાન્ય જીવન જીવી શકવાનો નથી. પોતાનું બાળક અક્ષમ છે તે બાબતે તેનો સ્વસંઘર્ષ છતો થાય છે.

"બે વર્ષ પહેલાં રાહુલનો જન્મ થયો, અહીં આવીને તમને સમાચાર આપવા હતા... પણ એનાં જન્મનાં આનંદ સાથે જ કેટલી ગાઢ વેદના સંકળાયેલી હતી કે તમને કોઈને સમાચાર લખવા મને ઠીક ન લાગ્યું." (પૃ. ૫૦)

**‘તપ’ (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

વસંતના પતિ કૃષ્ણકાંત યુવાન વયથી જ ભક્તિના રંગે રંગાઈ ગયા છે. કૃષ્ણકાંતનો ખાસ્સો સમય ધાર્મિક ક્રિયાકાંડોમાં વીતે છે. આ કારણે તે વસંતથી દૂર થઈ ગયા છે. વસંત પતિનો સાથ ઝંખે છે. દીકરીઓ થોડી મોટી થતાં કૃષ્ણકાંત પોતાનો શયનખંડ પણ અલગ કરી દે છે. વસંત પતિના સ્પર્શસુખથી પણ વંચિત થઈ જાય છે. શારીરિક અતૃપ્તિને કારણે વિરહિત થયેલ વસંત પતિના સહચર્ય માટે તડપે છે. એ ન મળતાં તે નિરાશ થાય છે. પતિને પોતાનાથી દૂર કરી દેનાર ધાર્મિક ક્રિયાકાંડો સામે તે સખત નારાજ છે.

“પહેલા શયનખંડમાંથી પછી પતિનાં જીવનમાંથી વસંતબહેન ધીમે ધીમે બહાર નીકળી ગયાં... પતિ છેલ્લી માળા કરી, ભગવાનને પોઢાડીને આવતા. ક્યારેક પ્રતિક્ષા અનંતકાળની જેમ ચાલ્યા કરતી અને મેઘનાને થાબડતાં એમની આંખો નિંદરથી ઘેરાઈ જતી.” (પૃ. ૧૧૧)

**‘અનુરાધા’ (અનુરાધા, ૨૦03)**

અનુરાધા ટૂંકા ગાળાનાં પ્રેમલગ્ન પછી સાસરેથી પાછી આવી છે. પહેલાં ઘરમાં તેની દરેક વાત આંખ મીંચીને માનવામાં આવતી હતી. ભાઈ જય અને તેની વચ્ચે કોઈ ભેદભાવ નહોતો. હવે એ જ સદસ્યો એને ‘પાછી આવેલી’ સમજીને પતિ સાથે સમાધાન કરવાની સલાહ આપે છે. તેને બીજે ઠેકાણે પરણાવવાની હિલચાલ શરૂ થાય છે. આ ઘટનાઓ તેના સંઘર્ષ માટે ઉદ્દીપકનું કામ કરે છે. પોતે આ ઘરનો હિસ્સો મટી ગઈ છે એમ લાગતાં તે આત્મમંથનમાં પડે છે. લગ્ન પહેલાંના અને અત્યારના પોતાના આ ઘરમાં સ્થાનને લઈને સતત સંઘર્ષ અનુભવે છે.

“...એક છોડ ધરતીમાંથી મૂળ સોતો ઊખડી ગયો હતો. બીજે એ રોપાઈ શક્યો ન હતો. તો એનાં મૂળ ક્યાં હતાં? એની કઈ ધરતી?” (પૃ. ૮)

**'વખ' (અનુરાધા, ૨૦૦૩)**

મૃણાલનો મોટો દીકરો જય માદક દ્રવ્યોનો બંધાણી બની ગયો છે. વંઠેલ અને રખડેલ થઈ ગયો છે. ગમે ત્યારે ઘરમાં આવી દાદાગીરી કરવી અને તોડફોડ કરવી એ એના માટે સામાન્ય બાબત બની ગઈ છે. એને કારણે દીકરીનાં વેવિશાળમાં મુશ્કેલી આવે છે. નાના પુત્ર ઈશાનનું ભાવિ પણ ખતરામાં મુકાય છે. એક માતા તરીકે પોતે એક સંતાનના હિતને ખાતર બીજાનું ભાવિ જોખમમાં કઈ રીતે મૂકી શકે? આ બાબતે તે સખત તાણનો અનુભવ કરે છે.

મૃણાલ પોતાને અપરાધી માને છે. અન્ય પરિવારજનો નક્કી કરે છે કે આ ઘર અને તે પુત્ર સાથેનો છેડો ફાડી નાંખી અન્ય સલામત સ્થાને ચાલી જવું. પરંતુ, પુત્રમોહમાં અંધ બનેલ મૃણાલ નક્કી કરી શકતી નથી કે શું કરવું અને તે ગડમથલમાં પડે છે.

**'વાવલી' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

હિના લગ્ન પછી તરત જ નોકરી કરવા લાગે છે. તેને પોતાના પગારમાંથી અમુક રકમ પિયરમાં આપવી છે પણ એમ શક્ય બનતું નથી. તેનો પગાર સીધો સાસુના હાથમાં જાય છે. હિના વિચારે છે કે દીકરીને ભણાવીને હોશિયાર તેના પિતા બનાવે છે તો લગ્ન કરીને સાસરે જાય ત્યારે તેના પગાર ઉપર કોનો હક રહે? આ વિચાર તેને અસમંજસમાં મૂકે છે. સમાજે નક્કી કરેલ નિયમોને કારણે તે મૂંઝવણમાં છે. દીકરો ઘરમાં પૈસા આપી શકે અને દીકરી કેમ નહીં એ વિચારે તેની મૂંઝવણ વધે છે.

"પણ એ શું કહે? મારા પૈસા મને આપી દો! પતિ અને સાસુ શું ધારી લેશે એને માટે? સ્વજનોથી જુદાઈ રાખે છે એમ જ ને! ...પૂરાં મન પણ હજી મળ્યાં નથી ત્યાં આ તારું-મારું?" (પૃ. ૩૮)

**'વચન પૂરું કરું છું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

રમા આજે જ જાણે છે કે પતિ વિનાયક કોઈ માફિયા ગેંગ સાથે સંકળાયેલો છે. એક તરફ વિનાયક આવું કરે જ નહીં એવો વિશ્વાસ અને બીજી તરફ વિનાયક વિરુધ્ધના પુરાવા! બન્ને વચ્ચે તેનું મન ઝોલાં ખાય છે. રમાના ચિત્તમાં તુમુલ યુદ્ધ ચાલે છે. વિનાયકને આ વાતથી કોઈ ફરક પડતો નથી. તેના મત પ્રમાણે થોડા દિવસના ઊહાપોહ પછી બધી વાત દબાઈ જશે. વિનાયકની બેદરકારીને લીધે રમા ઘેરો સંઘર્ષ અનુભવે છે.

રમાનાં બાળકો પણ આ ઘટનાને વધુ મહત્ત્વ આપતાં નથી. બન્ને પોતાના કામમાં મશગૂલ થઈ જાય છે. વિનાયકે કરેલ ગુનો તેમના માટે સામાન્ય બાબત છે એ જાણી રમા વધુ હેરાન થાય છે. બાળકો પણ ભવિષ્યમાં વિનાયકને રસ્તે જ ચાલશે એમ વિચારતાં તેની ચિંતા બેવડાઈ જાય છે. એને એવું લાગે છે કે તે પોતાના પતિને આટલાં વર્ષોમાં ઓળખી જ શકી નથી. વિનાયકનું આ વાક્ય તેના સંઘર્ષને તીવ્ર બનાવે છે:

"તને તો ખબર છે ને? તું છાપાં વાંચે છે. બોફોર્સ કેસનું શું થયું? તોપો ધણધણી... જાણે મારા બેટા લડાઈ જીતીને આવ્યા હોય." (પૃ. ૫૧-૫૨)

**'પ્રેમાંકુર' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

શાંતિબાના વકીલ પતિ યશવંતરાય કડક સ્વભાવના અને શિસ્તપાલનના આગ્રહી છે. આ કારણે તેમની અને પુત્ર હેમાંગ વચ્ચે ચકમક ઝર્યા કરે છે. એકવાર બન્નેનો ઝગડો મોટું સ્વરૂપ ધારણ કરે છે. હેમાંગ ઘર છોડીને ચાલ્યો જાય છે. આ વાતની શાંતિબાના મન પર ઘેરી અસર પડે છે. નિર્લેપ યશવંતરાયને આ વાતનો કોઈ વસવસો નથી. તે પોતાનું નિયમિત જીવન જીવે છે. લાગણીવિહીન પતિને કશું કહી ન શકતાં શાંતિબા મનોમન હિજરાય છે. પિતા-પુત્રની નારાજગીનું પરિણામ પોતાને ભોગવવું પડે છે એથી આત્મ સાથે મથામણ કરે છે. માતૃપ્રેમને તરછોડી ગયેલ હેમાંગ પ્રત્યે પણ તેમને સંઘર્ષ  થાય છે.

"શાંતિબાને રોષ આવ્યો. શું જરાય પતિને આજનો દિવસ, સળગેલી હૈયાહોળી – કંઈ યાદ નહીં હોય? શાંતિબાની આંખમાંથી સરરર આંસુ સરતાં રહ્યાં." (પૃ. ૧૪૯)

"...જાત સાથે,એમની સાથે, જે ગયો એની સાથે. અને નિરાંતે ઊંઘી રહ્યા છે. પેલો જ્યાં હશે ત્યાં, સઘળા સંબંધોનો ઉલાળિયો કરી ઊંઘતો હશે. માત્ર એ એક છે જે બધાં વર્ષો, વર્ષોની એક એક ક્ષણ એની યાદમાં જીવ્યાં." (પૃ. ૧૪૯)

"શું માની મમતા પણ એને બાંધીને પાછો ન આણી શકી? ઝગડો પિતા સાથે છે... પાછું વળીને જોવાનુંય નહીં કે કોણે જન્મ દીધો, મોટો કીધો?" (પૃ. ૧૪૯)

**'તને સાચવે પારવતી' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

નચિકેત અને રક્ષાને સુંદર બાળકી ચાંદની અવતરે છે. ચાંદની થોડી મોટી થતાં રક્ષાને લાગે છે કે તે અસામાન્ય છે. તેને ચિંતા થાય છે. તે ડોક્ટર પાસેથી જાણે છે કે ચાંદની માનસિક અસ્વસ્થ છે. આ સ્થિતિ જાણતા રક્ષા આઘાતમાં સરી પડે છે. નચિકેતના સહકારથી તે ચાંદનીની સેવા કરી મોટી કરે છે. યુવાન થતી ચાંદનીની ચિંતા તેને કોરી ખાય છે. રક્ષાનું સમગ્ર જીવન, તેની યુવાની અને મોજશોખ બધું જ અહીં સ્વાહા થઈ ગયેલું દેખાય છે. થાકેલી અને નિસ્તેજ રક્ષાનો ઈશ્વર પ્રત્યેનો સંઘર્ષ છે. આથી જ જ્યારે તે ડોક્ટર પાસેથી જાણે છે કે ચાંદની પડકારગ્રસ્ત બાળકી છે ત્યારે ઈશ્વરને ફરિયાદ કરે છે.

"એ રાત્રે ચાંદનીને હૈયે ચાંપી રક્ષાએ હૈયાફાટ આક્રંદ કર્યું હતું. એણે ઈશ્વરને એક જ પ્રશ્ન પૂછ્યો હતો, વ્હાય મી ઓ ગોડ! શા માટે અમારી જ સાથે આમ પ્રભુ!" (પૃ. ૧૪)

**'બ્લાસ્ટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

યુ.કે.માં રહેતી રીટા મુસ્લિમ યુવક ઇરફાનને પ્રેમ કરે છે. તેને ઇરફાન સાથે લગ્ન કરવા છે. કીશુબહેન રીટાને સમજાવે છે કે ઇરફાનની જીવન શૈલી અને ધર્મ અલગ છે. તેની સાથે લગ્ન કરીને રીટા સુખી નહીં થાય પણ પોતાની જીદ પર મક્કમ રહેલી રીટાએ એક

વાત ન માની. પતિ વિનાના કીશુબહેનનો એકમાત્ર સહારો રીટા છે. જુવાન છોકરી અને સાથે પોતાનું પણ ભવિષ્ય બગડશે એ વાતથી કીશુબહેન ચિંતામાં પડે છે.

"કીશુબહેન પર તો આખો ને આખો બિગ બેન્ગ ટાવર તૂટી પડ્યો હોય એમ એ જીવતા દટાઈ ગયાં હતાં. પછી રોજ સામસામે દલીલોની રમઝટ, સમજાવટ, રિસામણાં-મનામણાં બધું જ થઈ ચૂક્યું હતું... ત્યાં રીટાએ તાકીને તીર માર્યું હતું. મમ્મા, આઈ એમ ગોઇંગ ટુ ઇન્ડિયા." (પૃ. ૬૬)

રીટા કીશુબહેનની નારાજગી સમજી ન શકવાને કારણે અકળાય છે. રીટા સમજી નથી શકતી કે શા માટે બધા જ એશિયનોને મુસ્લિમ લોકો તરફ ધિક્કાર હતો? ઇરફાનનાં માતાપિતા પણ આ સંબંધથી રાજી નથી. બે પ્રેમી હૈયાને ન સમજનાર સમાજની એકતરફી વિચારસરણી તરફ તેને સંઘર્ષ થાય છે.

"ઇરફાનનાં મા-બાપ પણ આમ જ સ્ક્રીમિંગ કરે છે, ઇરફાન સાથે રોજ ફાઇટ કરે છે કે રીટા ઇઝ હિન્દુ, શી ઇઝ કાફિર. બસ, ઉસકો છોડો... છોડો... " (પૃ. ૬૫)

**'અદૃશ્ય રેખા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અનુબહેન રાજકોટથી પરણીને મુંબઈ આવે છે. ચાલીમાં રહેતા પતિ જયકિશન સાથે તે ખૂબ મહેનત કરે છે. હવે તેમનો ધંધો ખૂબ વિસ્તર્યો છે. જયકિશન ધીરે ધીરે તેમનાથી દૂર જવા લાગ્યા છે. કિશોરવયનાં બાળકો નવી જ દુનિયામાં પ્રવેશી ગયાં છે. અનુબહેન સમજી નથી શકતાં કે પતિ અને બાળકો ક્યારે પોતાનાથી દૂર થઈ ગયાં. એમની દુનિયામાં હવે તેનું કોઈ સ્થાન નથી આ જાણી તે મનોમન દુ:ખી થાય છે.

"એ બંધ બારણું સીમારેખા હતી. પેલી તરફ હતા પતિ અને સંતાનો. આ તરફ એ પોતે હતાં. સંસારને વચ્ચોવચ્ચ ઊભા ચીરતી રેખા. એ ભૂંસવાનું ન એમનામાં સામર્થ્ય હતું, ન સત્તા." (પૃ. ૭૪)

**'તપશ્ચર્યા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

ચિન્મયને આખી દુનિયા શ્રવણકુમાર તરીકે જાણતી હતી. અંજના પણ આવો પ્રેમાળ પતિ મેળવીને પોતાને ભાગ્યશાળી માનતી હતી. પણ આજે ચિન્મયનો અસલી ચહેરો તેની સામે આવ્યો છે. તે જાણી ગઈ છે કે ચિન્મયને લગ્ન પહેલાંની પોતાની પ્રેમિકા સાથે સંબંધ હતો અને તે ચિન્મયથી ગર્ભવતી હતી. ચિન્મયની લાશ જ્યારે તેની સામે આવે છે ત્યારે તે અંદર ને અંદર ઘૂંટાય છે. જુવાનજોધ પતિની લાશ સામે પડી છે છતાં તેની આંખમાં એક ટીપું પણ નથી. અંજનાને અનુભવાય છે કે પતિની સાથે જ તેનાં પ્રેમ, વિશ્વાસ અને સમર્પણનું પણ ખૂન થયું છે. પોતાની નજર સામે રહેલી પતિની આદર્શ મૂર્તિ તૂટી જતાં અંજના સંઘર્ષ અનુભવે છે.

"જ્યારે ગુંડાએ ચિન્મયની છાતીમાં છરી હુલાવી દીધી હતી, એ જ ક્ષણે ગુંડાએ એની છાતીમાં પણ છરી હુલાવી ઉપરાઉપર વાર કર્યા હતા." (પૃ. ૧૦૬)

**'ઉંબર પર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

રાજુલ વર્ષોથી ઘરને શણગારતી આવી છે. ઘરની દરેક ચીજોમાં તેણે પ્રાણ ફૂંકીને સજીવ રાખી છે. તે બે મહિના માટે બહારગામ જાય છે. અચાનક પ્રવાસ ટૂંકાવીને પરત ફરેલ રાજુલ ઘર અસ્તવ્યસ્ત થયેલું જુએ છે. તે ખૂબ હતાશ થાય છે. બાળકો જણાવે છે કે તેની નણંદનાં બાળકોએ ઘરની હાલત બગડી નાખી છે. તે રોષે ભરાય છે. પતિ કશ્યપે આ વાત પોતાનાથી છુપાવી છે તે જાણીને રાજુલ આઘાત પામે છે. કશ્યપના શબ્દોથી તેના મનમાં વેદનાની એક ટીસ ઊઠે છે. રાજુલને લાગે છે કે તે પારકી છે અને આજે પણ પોતાના ગૃહપ્રવેશની રાહ જોઈને ઉંબર પર ઊભી છે.

"-ધડામ્ મારા લમણે પથ્થર ઠોકાયો. મારું ઘર? માત્ર કશ્યપનું ઘર?...કશ્યપના બોલવા પ્રત્યે મારું ધ્યાન નહોતું. મારું શબ્દનું લમણે ઢીમણું થઈ ગયું હતું. ભયંકર પીડાના લબકારા થતા હતા." (પૃ. ૧૪૦)

**'કચૂડાટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

કાદંબરીને સંતાનમાં એકમાત્ર પુત્રી પૂજા છે. તે કુમાર સાથે લગ્ન કરી વિદેશ સ્થાયી થવાનું નક્કી કરે છે. એકની એક દીકરી પોતાનાથી દૂર જતી રહેશે એ વાત કાદંબરીને રુચતી નથી. પતિ મુકુંદ પૂજાની વાતને સમર્થન આપે છે. તેથી તે મુકુંદ સાથે પણ ચર્ચામાં ઊતરે છે. પૂજા પોતાનું ધાર્યું જ કરે છે. આથી તેને આઘાત લાગે છે અને આ ઘા જીવનપર્યંત રુઝાતો નથી. મુકુંદના મૃત્યુ પછી પણ તે પોતાની જીદ પર અડીખમ રહે છે. હવે તેને માટે એ ગર્વનો વિષય બની જાય છે.

"-અને એ ગાંઠ આખરે રહી જ ગઈ. કોણ જાણે એણે કોશિશ કરી તોય મનનાં આળા ભાગમાં ઊંડી ઊતરી ગયેલી ફાંસ કાઢી ન શકી... દેખાઈ નહીં એવી ઝીણી ફાંસના આ પીડાના સતત લબકારા કેમ કરીને શમે?" (પૃ. ૧૫૮)

**'અવાજોનું ઘર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

પ્રૌઢ વયનાં મધુબહેન પતિના મૃત્યુ અને પુત્રના પરદેશગમનને કારણે એકલાં પડી ગયાં છે. દીકરીઓ પોતપોતાના સંસારમાં વ્યસ્ત છે. દીકરીઓએ તેમને આ ઘર છોડી પોતાની નજીક રહેવા માટે સૂચન કર્યું છે. પતિએ વસાવેલું ઘર છોડતાં તેમનો જીવ ચાલતો નથી. આથી અન્ય સ્થાને જવાનું થયું ત્યારે તેઓ મૂંઝાઈ ગયાં છે. એકલતાને કારણે અને ઘર છોડી જવાના વિચારને કારણે તેમને આત્મમંથન થાય છે. મધુબહેન પુત્ર પદ્મને યાદ કરે છે. તેમને વિશ્વાસ હતો કે પોતાની જવાબદારીઓ પદ્મ નિભાવશે. આ આશા ઠગારી નીવડતા તે પદ્મ તરફ ક્રોધે ભરાય છે.

"તણખલું તણખલું કરીને વસાવેલો આ સામાન હવે ભંગાર બની ગયો હતો! કદાચ હવે બચેલાં ખૂટેલાં... પૉલિશની ચમક ઊતરી ગયેલી એક પ્રૌઢ એકલવાઈ વિધવાની જિંદગી નહીં તો બીજું શું હોઈ શકે?" (પૃ. ૩)

**'જેલની ઊંચી તોતિંગ દીવાલો' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

ચંદન દિલ્લી શહેરની આધુનિક યુવતી છે. તેનો પતિ સુબંધુ જેલર છે. સુબંધુની બદલી થતાં તે દીકરી રીંકુ સાથે નાના ગામમાં આવે છે. ચંદન આ ગામની રહેણી-કરણીથી નાખુશ છે. તેનો સંઘર્ષ અહીંથી પ્રારંભ થાય છે. તેને દિલ્લી પાછા ફરવું છે. પણ સુબંધુ કેદીઓને સુધારવા માટે કટિબદ્ધ છે. તેને આ જગ્યા છોડવી નથી. નિરુપાય બનેલી ચંદન રીંકુનાં સારા ભવિષ્યની આણ આપીને સુબંધુને અહીંથી ચાલી જવા સમજાવે છે. સુબંધુ એની વાત માનતો નથી. ચંદન પતિ સાથેના મતભેદને કારણે અવઢવમાં છે.

"-ચંદન ચૂપ છે. જાણે છે કે સુબંધુને દલીલથી જીતી શકાતો હોત તો લગ્નનાં આટલાં વર્ષોમાં ક્યારનો જીતી લીધો હોત અથવા પપ્પાના પૈસા વડે ખરીદી લીધો હોત. લગ્નનાં દશ વર્ષ પછી પણ એવું કશું જ ન બની શક્યું." (પૃ. ૨૫)

**'અનુરાધા' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

માનસશાસ્ત્રની અધ્યાપિકા અનુરાધા સ્વતંત્ર છે. તેણે જાતમહેનતથી ઘર ખરીદ્યું છે. પોતાના કામને સમજે તેવો છોકરો મળે તો જ તેને લગ્ન કરવા છે. એક ડૉક્ટર સાથે લગ્નની વાત આવી હતી. અનુરાધાને આગળ ભણવું છે અને નોકરી કરવી છે એ વાત તેને ગળે ન ઊતરી. અનુરાધા પોતાનાં સ્વપ્નોને રગદોળીને કોઈ સાથે જોડાવા માગતી નથી.

અનુરાધા પોતાના હાથ નીચે ભણતી કેટલીય મહત્ત્વાકાંક્ષી છોકરીઓને અભ્યાસ અધૂરો મૂકીને પરણી જતી જુએ છે. તે જાણે છે કે છોકરીઓને કોલેજનાં એક-બે વર્ષ ભણાવવાથી સારું ઘર અને વર મળે એ જ આશયથી તેમને અભ્યાસ માટેની અનુમતિ અપાય

છે. અધૂરા ભણતર વચ્ચે જ તેમનાં લગ્ન કરી દેવાય છે. અભ્યાસમાં તેજસ્વી અને અન્ય પ્રવૃત્તિમાં પારંગત યુવતીઓ ઘરને ખીલે બંધાઈ જાય છે. તેમનાં સ્વપ્નોનું કશું જ મહત્ત્વ રહેતું નથી. દીકરીઓને વધુ ન ભણાવવાની જૂનવાણી માનસિકતાને કારણે તે મનોમન અકળાય છે.

"-વેલ્યુ. કિંમત. સ્વપ્નોની કિંમત આંકતા આ ઊગતી છોકરીઓને કોણ શીખવશે? આવી સરસ, ગભરુ, છોકરીઓ પર ડિગ્રીનાં લેબલ લગાવી દેવાથી લગ્નનાં બજારમાં માલ તરત વેંચાઈ જાય છે." (પૃ. ૩૮)

**'ઊડી ગયેલું પંખી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રંજુ પોતાને ગમતા યુવક સાથે લગ્ન કરે છે. પણ તે બેફિકર અને નાદાન છે. તેની કમાણી પણ બહુ નથી. સુખ સગવડ વચ્ચે ઉછરેલી રંજુ અભાવગ્રસ્ત જીવનથી થાકી જાય છે. પિતાની સમજાવટથી રંજુ તેની સાથે છૂટાછેડા લે છે. તે પરિમલ સાથે બીજાં લગ્ન કરે છે. હવે તે સુખી અને સલામત છે. છતાં તેને પૂર્વ પતિની યાદ આવે છે અને મનોમન પરિમલ સાથે તેની સરખામણી કરે છે. આ માટેનું કારણ ન સમજાતા તે સ્વસંઘર્ષ અનુભવે છે.

"જે માંગ્યું તે જ મળ્યું છે. તો પછી હૃદયમાં આ દર્દ શાને? આ સૂની બપોરે કેટલાંય સ્મરણો સૂકા ઘાસની જેમ ભડભડ સળગી ઊઠ્યાં છે, એની આગ એને શા સારું બાળી રહી છે?" (પૃ. ૧૪૯)

**'ગુડ મોર્નિંગ, મિસિસ દેસાઈ' (એંધાણી, ૧૯૮૯)**

કૃષ્ણાનાં ગઈકાલે જ લગ્ન થયાં છે. તે પિયરની યાદોમાં ખોવાયેલી છે. વીસ વર્ષ સુધી સંઘરેલી બચપણની બધી સ્મૃતિ તેને ઘેરી વળી છે. આ ઘરમાં હજી એને પોતીકાપણું લાગતું નથી. નવા સ્થળ સાથે આત્મીયતા ન અનુભવી શકવાને કારણે તેને અકળામણ થાય છે.

"-કૃષ્ણાને ખંડની સજાવટ ગમી, પણ એ ઉષાનો ગોઠવેલો હતો. આમાંની કોઈ

પણ વસ્તુ પ્રત્યે ઉત્કંઠપણે પોતાપણાની ભાવના થતી ન હતી. જાણે એ અહીં મહેમાન હતી અને આતિથ્ય માણી લીધા પછી અહીંથી ચાલી જવાની હતી." (પૃ. ૩૪)

**'રીતુ નામની એક છોકરી' (એંધાણી, ૧૯૮૯)**

રીતુ બીજી છોકરીઓ જેવી નથી. તેનાં સ્વપ્નો અને આકાંક્ષાઓ અન્ય છોકરીઓ કરતાં અલગ છે. તેને સાહસિક કાર્યો કરવાની ખેવના છે. પોતાને છોકરો જોવા આવવાનો છે એ વાત જાણીને તે ગુસ્સે થાય છે. તે વિચારે છે કે પોતાનાં સ્વપ્નાં સાથે મેળ ખાતો પુરુષ તેને મળશે કે કેમ? લગ્ન થઈ ગયા પછી તેનાં સ્વપ્નો પૂરા થશે કે કેમ? આ પ્રશ્નોમાં તેના સંઘર્ષનો આરંભ જોઈ શકાય છે. તે ઘરના સભ્યોને કશું કહી શકતી ન હોવાથી મનોમન અકળાય છે.

"ભીનાં લાકડાંની જેમ એ ધૂંધવાવા લાગી. કરો કાવતરું બધાં ભેગાં મળીને. પણ હું બિલકુલ માનવાની નથી. લગ્ન? હજી બી.એસસી.ની ડિગ્રીને ય એક વર્ષની વાર છે ત્યાં લગ્ન? પછી ઘર, રસોઈ, એકધારી જિંદગી." (પૃ. ૬૨)

**'સ્મૃતિની ફિંગરપ્રિન્ટ' (એંધાણી, ૧૯૮૯)**

સુરેખાના પતિ પ્રકાશનું આકસ્મિક મૃત્યુ થાય છે. તેની હૂંફ ગુમાવી સુરેખા એકલી પડે છે. અમુક સમય બાદ પ્રકાશનો મિત્ર અરુણ તેની સમક્ષ લગ્ન માટેનો પ્રસ્તાવ મૂકે છે. સુરેખા પ્રકાશને ભૂલી નથી શકતી. તે અરુણનો પ્રસ્તાવ સ્વીકારે કે નકારે એ વિચારે અવઢવમાં છે.

"પ્રકાશ હવે હતો માત્ર એક સ્મૃતિ. ભીંત પર જડાયેલ ફોટોગ્રાફ. કોઈ મુગ્ધ કિશોરીએ... એમ એની જીવનકિતાબનાં પૃષ્ઠો વચ્ચે પ્રકાશ એક કરમાયેલું સુગંધી ફૂલ હતો." (પૃ. ૧૦૫)

**‘અલગ વિશ્વ’ (એંધાણી, ૧૯૮૯)**

વીણા કિશોરી હતી ત્યારે જ તેનાં લગ્ન થઈ ગયાં હતાં. લગ્ન અને પ્રેમ શું છે તેની સમજ ન હતી. પતિ નીલાંબર ઓછાબોલો અને શાંત હતો. તે પોતાનું કામ કર્યા કરતો અને વીણા તરફ બેધ્યાન રહેતો. નીલાંબરની અવગણનાને કારણે વીણા તેનાથી અતડી રહેવા લાગે છે. નીલાંબર તરફથી થતું રુક્ષ વર્તન અને અસંતોષ તેના સંઘર્ષ માટેનું નિમિત્ત બને છે.

“-પણ નીલાંબરનો ફોટો મઢાવીને રાખવાનું કદી દિલ જ ન થયું. એ ન પતિને ચાહી શકી, ન ધિક્કારી શકી.” (પૃ. ૧૧૪)

**‘બંધ ખાનું’ (એંધાણી, ૧૯૮૯)**

વાર્તામાં ઇન્દુની તેના જૂના ટેબલ પ્રત્યેની આસક્તિ દેખાય છે. ઇન્દુના નવા ઘરમાં સુંદર ડિઝાઇનનું ફર્નિચર છે. ઇન્દુનાં બાળકોને તેનું આ જૂનું ટેબલ પસંદ નથી. આ ટેબલના ખાનામાં ઇન્દુનાં શૈશવનાં સંસ્મરણો ભરેલાં છે. ટેબલ સાથે ઇન્દુનું પોતાપણું સંતાનો સમજી શકતાં નથી. બાળકો માને છે કે નવા ઘરમાં આવું નકામું કબાટ સહેજે ય સારું નહીં લાગે. ઇન્દુ બાળકો સાથે ચર્ચામાં ઊતરે છે. બાળકો પોતાની વાત અને લાગણીને સમજી શકતા નથી એ જાણતાં તે બેચેન થાય છે.

“તમને બન્નેને ના પાડી તો સમજતાં કેમ નથી? આ ખાનાને હાથ લગાડવાનો નથી. આ ટેબલ આમ જ રહેશે. આખા ઘરમાં જ્યાં જેવું ડેકોરેશન કરવું હોય તે કરો પણ મારા ટેબલને હાથ લગાડવાનો નથી. બસ આ છેલ્લીવાર કહી દીધું.” (પૃ. ૧૬૧)

**‘બીલીપત્રનું ચોથું પાન’ (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લીલાને લગ્નજીવનનાં ઘણાં વર્ષો પછી પણ બાળક નથી. માતા ન બની શકવાનું તેને દુ:ખ છે. પતિની હિંમતથી તે સાવ નાના રાહુલને દત્તક લે છે. રાહુલ આ વાત જાણશે ત્યારે પોતાને છોડીને ચાલ્યો જશે એ વિચાર લીલાને કોરી ખાય છે. રાહુલ સત્ય જીરવી

શકશે કે નહીં એ વિચારે લીલાની ચિંતા વધી જાય છે. તે પોતાને છોડીને ચાલ્યો જશે એવા પ્રશ્નોથી ઘેરાયેલી લીલા આશંક છે.

"રાહુલે કદી પૂછ્યું નહીં; પણ ક્યારેક એનું ટગર ટગર તાકવું, પછી દોડીને એને ભેટી પડવું; ત્યારે હૃદયમાં પડેલા પેલા છિદ્રમાંથી લોહી નીકળી આવતું. રાહુલ શું વિચારતો હશે?..." (પૃ. ૭)

વાર્તામાં એક અજાણી સ્ત્રીની વેદના પણ અદૃશ્ય રીતે રજૂ થઈ છે. રાહુલ તેની જન્મદાત્રી માતાની ચિંતા કરે છે. તે કોણ હશે? કુંવારી માતા કે મજબૂર દુ:ખિયારી સ્ત્રી? પોતે જેને ક્યારેય મળ્યો નથી એવી જનેતાની તે ચિંતા કરે છે.

"મા એકલી જ હશે? ભૂલ થઈ હશે? કોઈએ બળાત્કાર કર્યો હશે? કુંવારી હશે કે વિધવા?... બહુ સતાવી હશે?... સુખી ઘરની હશે કે ઝૂંપડપટ્ટીમાં કે પછી રસ્તાની ભિખારણ..." (પૃ. ૧૦)

**'નવલખું મોતી' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

પૂર્વી અચાનક જાણે છે કે તે માતા-પિતાનું એકમાત્ર સંતાન નથી. આ વાત જાણતાં તે ઉદાસ થાય છે. તેનાં પ્રેમમાં ભાગ પડાવનારી એક બહેન રક્તપિત્તના આશ્રમમાં છે એ જાણીને તે અકળાઈ જાય છે. તે અજાણતાં જ કેતકીને નફરત કરવા લાગે છે. માતા કહે છે કે કેતકીને કારણે જ પૂર્વીનું આ દુનિયામાં અસ્તિત્વ છે. છતાં તેના મનનો ઘા પુરાતો નથી. પૂર્વી એક અજબ લાગણીનો સામનો કરે છે. એક અસલામતીની ભાવના તેના મનમાં ઘર કરી જાય છે.

"એ રાતથી પૂર્વી એક અજબ લાગણી અનુભવી રહી. તો શું પોતે પપ્પા-મમ્મીનું એકમાત્ર સંતાન નહીં! એમના પ્રેમમાં પોતાનું કોઈ સરખેસરખું હિસ્સેદાર પણ હતું! પોતાની એક બહેન... શું નામ કહ્યું હતું મમ્મીએ?" (પૃ. ૩૯)

**'કુંડાળામાં પગ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લતાના કુટુંબમાં તેની સાથે ત્રણ બહેનો છે. તેનાં માતાપિતાને ત્રણ દીકરીઓ હોવાનો અને એક પણ પુત્ર ન હોવાનો વસવસો છે. આથી તે દુ:ખી છે. લતાનો શ્યામ વર્ણ લગ્ન માટે બાધારૂપ છે. કમાતી હોવા છતાં તેને કોઈ છોકરો પસંદ કરતો નથી આથી તે અકળાઈ જાય છે. માતા-પિતા તેને પરણાવી દેવા ઉતાવળા થયાં છે. આ દરેક વાતે તે સંઘર્ષ પામે છે.

"...જન્માક્ષર નથી મળતા... બસ, ટેમ્પરરી નોકરી? અમારે કંઈ જોઈતું નથી, લગ્ન તો ધામધૂમથી કરશો ને! કન્યા જરા શ્યામ છે... જાણે અણિયાળા પથ્થરો અને ઊબડખાબડ રસ્તા પર ચાલતી એ ઘણે દૂર નીકળી ગઈ હતી." (પૃ. ૮૧)

**'ચૌદમી પૂતળીની વાર્તા' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

વાર્તામાં કાષ્ઠની પૂતળીઓને નાયિકા તરીકે સ્થાન મળ્યું છે. બત્રીસ પૂતળીઓએ વર્ષો સુધી સિંહાસનની રખેવાળી કરી છે. પણ એ સિંહાસન પર બેસવાનો અબાધિત અધિકાર તો પુરુષોનો જ છે. પુરુષપ્રધાન સમાજે બનાવેલ નિયમો કેટલા જૂના અને પરંપરાગત છે તેની ચર્ચા સાથે જ પૂતળીઓની મથામણ દેખાય છે.

આથી જ ચૌદમી પૂતળી કહે છે, "રાજન, પરાક્રમો તો પુરુષોનાં જ હોય, સિંહાસન તો રાજાઓનાં હોય, સ્ત્રીઓ માટે રાજગાદી ક્યાંય સાંભળી છે? અમે બત્રીસ પૂતળીઓ પણ આ સિંહાસનનાં પાયામાં જડાઈને વીર વિક્રમની જ યશોગાથા સંભળાવીએ છીએ ને!" (પૃ. ૧૧૮)

**'ચલતે ચલતે' (અનુરાધા, ૨૦03)**

સાસુ નીરુબહેન જૂનવાણી અને પરંપરાગત વિચારસરણી ધરાવે છે. તેમની પુત્રવધૂ રેશમા નવી પેઢીનું પ્રતિનિધિ પાત્ર છે. નીરુબહેન ગૃહિણી છે અને રેશમા નોકરી કરે છે. વૈચારિક અસમાનતાને કારણે નીરુબહેન રેશમા સાથે ગોઠવાઈ શકતાં નથી. રેશમા પણ સાસુ

સાથે મનમેળ ન થતાં દૂર રહ્યા કરે છે. પરસ્પર વાતચીતના અભાવે બન્ને એકબીજા તરફ માનસિક સંઘર્ષમાં ઊતરે છે.

"વહુ રોજ નજર સામે જીન્સ પહેરીને જાય, પગમાં મણમણના બૂટ. અડવા હાથે સવારે તુષારનો હાથ પકડી હાય મોમ કરતી જાય ને ક્યારેય આવે..." (પૃ. ૧૨૫)

**'લાંબી ધીમી બપોર' (અનુરાધા, ૨૦૦૩)**

વંદનાને પતિ અને સાસુનો ખૂબ ત્રાસ છે. બન્ને તેને રોજ પિયરથી વસ્તુઓ લઈ આવવા દબાણ કરે છે. ગરીબ પિતા એ માગણીઓ પૂરી ન કરી શકતા સાસુ તેને પિયર પાછી મોકલી દે છે. ત્યક્તા વંદનાને સગાં-સંબંધીઓ વિચિત્ર નજરે જુએ છે. વધુમાં તેનાં માવતર પણ તેનો જ વાંક કાઢે છે. ઘરમાં તેને પહેલાની જેમ મુક્તિનો ભાવ થતો નથી. શું પરણાવ્યા પછી પિયરનું ઘર એ દીકરીનું ઘર મટી જાય છે એ પ્રશ્ન તેને કોરી ખાય છે.

"કોઈને એ માથે પડેલી ન લાગે એટલે ઘરમાં સૌથી વધુ એ ઘસાતી હતી. કોઈ મોટો અપરાધ એને કર્યો હોય એમ એ શરીર અને મન સંકોરીને જીવતી હતી. એના માસિકના દિવસો પર મા બાજની જેમ ટાંપીને બેસતી." (પૃ. ૧૪૧)

વંદનાની સાસુ તેને પિયર મૂકી ગઈ છે. તે છૂટાછેડા માટે કૉર્ટમાં અરજી કરે છે. પુરુષ વકીલો તેને જાતજાતની સલાહો આપે છે. તે પોતાને અપમાનિત અનુભવે છે.

"જો વંદના છુટ્ટાછેડા કાંઈ ખાવાના ખેલ નથી. શાંતિલાલને નહીં દેવા હોય તો તને હેરાન કરશે. આડોડાઈ કરશે, સાસરિયાં કાઢી મૂકેલી વહુને ચોર અને ચારિત્ર્યહીન કહે જ, તું તાંબાને પતરે લખી રાખ. પાછું..."(પૃ. ૧૩૫)

**'એક પત્ર' (અનુરાધા, ૨૦૦૩)**

ચિત્રાના પતિ શશાંકનું અણધાર્યું નિધન થાય છે. પછી ચિત્રા કઈ રીતે અને કેવા સંજોગોમાં ઘર અને પોતાને સંભાળે છે તે રજૂ થયું છે. કોઈની એક પણ મદદ વિના તે બાળક અને પોતાને સાચવે છે એ વાત મૃત શશાંકને પત્રમાં લખે છે.

"કેટલી ઝીણી ઝીણી વાતોનાં ગૂંચવાઈ ગયેલા તાણાવાણા મારે ઉકેલવાના હતા! કેટકેટલી રીતે મારે તારું અસ્તિત્વ ભૂંસવાનું હતું! ફ્લેટ, બેન્ક, ફોન, ગેસ... જાણે ધીમે ધીમે અંગારા પરથી ચાલતા ચાલતા જવાનું હતું... દાગીના વેચ્યા પણ ક્યારેય કોઈની પાસે હાથ લાંબો નથી કર્યો." (પૃ. ૧૮૪)

**'નામ: નયના રસિક મહેતા' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

નયના પરિણીત સ્ત્રી છે. પતિ રસિકને વારંવાર નયનાનું અપમાન કરવાની ટેવ છે. ઘરનાં નોકરચાકરના દેખતા જ નયનાને તમાચા મારવા એ તેના માટે સામાન્ય ઘટના છે. રોજની મારપીટથી ત્રસ્ત થયેલી નયના પોલિસ પાસે ફરિયાદ નોંધાવવા જાય છે. ત્યારે પોલીસ પાસેથી પણ એવો જવાબ મળે છે કે ઘરની નાની મોટી વાતોને ઘરમાં જ દાટી દેવાની હોય. ઉદાસ નયના પોલીસના જવાબથી વધુ હતાશ બને છે. તેને એમ થાય છે કે સાસુ રસિકને ઠપકો આપશે. પરંતુ, એમ તો થતું જ નહીં. એના બદલે ઘણીવાર સાસુ જ પતિને તેની વિરુદ્ધ ઉશ્કેરણી કરીને ચડાવતા. સાસુની બેવડી ચાલ તેને માટે અસહ્ય બની જતી

"-તમે મને મારો, ગમે તે કરો, હું સાચું કહેવાની જ. મારા સ્નેહનું, આપણા સંબંધનું શું તમારે મન કશું મૂલ્ય નથી?" (પૃ. ૨૦)

"એનું ખાવું-પીવું-ઊંઘવું-જીવવું હરામ થઈ ગયું... સાસુમાં અખૂટ શક્તિ હતી, બોલવાની. જાતજાતની નાનીમોટી રમતો રમવાની." (પૃ. ૧૮)

**‘મુક્તિ’ (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

ચંદનને પોતાનાથી બાર વર્ષ નાનો ભાઈ તરુણ છે. માતાપિતાના અચાનક થયેલા નિધન બાદ તરુણ બહેનને જ માતા માને છે. ચંદન તેને સારું ભવિષ્ય મળે એથી લગ્ન નથી કરતી. વધુ પડતી આળપંપાળને કારણે તરુણ પાંગળો બની જાય છે. ચાલીસીમાં પ્રવેશેલી ચંદનને એક સહારાની જરૂર વર્તાય છે. તે સમજે છે કે તરુણને સુરક્ષિતતાના આંચળામાંથી મુક્ત કરવાનો સમય આવ્યો છે. જીવનનાં મહત્ત્વનાં નિર્ણયો લેવા માટે અને ભાઈને આત્મનિર્ભરતા તરફ લઈ જવા માટે ચંદનને માનસિક મથામણ કરવી પડે છે.

“-તરુણ, મારી સામે જો. હું ચાલીસની થવા આવી. તારે માટે મેં મારી યુવાની, મારાં સપનાઓનો ઘણો ભોગ આપ્યો, ત્યાગ કર્યો. હું હવે થોડું મારે માટે જીવવા માગું છું તરુણ.” (પૃ. ૯૪)

**‘ઝૂલતો ખાલી હીંચકો’ (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

મૃદુલાને લગ્નના ઘણા સમય સુધી બાળક નથી. કેટલીય સારવાર પછી તે ગર્ભવતી થાય છે. તેને ગર્ભપાત થઈ જાય છે. તેની બહેનપણી વિશાખા પરદેશથી આવે છે ત્યારે તેની સંતાનવિહોણી વાત પરથી પડદો ઉપડે છે. જીવનની એ મહત્ત્વની ખોટને પૂરી કરવા માટે નાયિકા આખો દિવસ ઘરના કામમાં વ્યસ્ત રહેવાનું બહાનું શોધી કાઢે છે.

**‘જખમમાંથી લોહી’ (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

સલોની માતાના મૃત્યુ બાદ નોકરી કરે છે. તેની પરણવાની ઉંમર વીતી ગઈ છે. તેને પરિણીત શાંતનુ સાથે સંબંધ છે. તેને યાદ આવે છે કે માતાએ એક પરિણીત વ્યક્તિ સાથે અફેર કરીને જીવન બગાડ્યું હતું. શું પોતે પણ માતાને પગલે ચાલીને પોતાનું જીવન તો બરબાદ નથી કરી રહી ને? આ બાબતે તેને મથામણ થાય છે.

"પોતે ઠીક કરી રહી હતી? આ એક અફેર છે. ક્યારે પતંગિયા જેવા રંગીન દિવસો ઊડી જશે! શાંતનુ પરણેલો છે, એક મીઠી મજાની દીકરી છે. સો વ્હોટ!... મેડલી લવ યુ." (પૃ. ૪૬)

"...એ કોણ હતી શાંતનુની? શો સંબંધ હતો? શાંતનુ જેને લવ કહેતો હતો એ અફેર હતું. પ્રદીપ પાછળ દોડીને મમ્મીને શું મળ્યું?" (પૃ. ૫૦)

**'ભીની રેતીમાં પગલાં' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અપર્ણા લગ્નભંગ થયેલ યુવતી છે. પતિથી ત્રસ્ત થઈને તેણે છૂટાછેડા લીધા હતા. એકવાર છેતરાયેલી અપર્ણાને ફરી નવેસરથી લગ્ન કરવા અને સંસારમાં જોડાવું અસહ્ય લાગે છે. તેનો કોઈ વાંક ન હોવા છતાં ભોગવવું પડે છે એ વાતે તે સંઘર્ષ પામે છે. હવે અન્ય કોઈ પુરુષ પર વિશ્વાસ મૂકતાં ગભરાય છે. અહીં તેનો એકને કારણે સમગ્ર પુરુષજાત પ્રત્યેનો સંઘર્ષ દેખાય છે.

"પણ તું જુએ છે ને મા, લોકોને ડિવોર્સ શબ્દની કેટલી સૂગ છે? જાણે મેં કોઈ ગુનો કર્યો હોય કે બધો વાંક મારો જ હોય! બે હાથ વિના તાળી ન પડે એ કહેવત આવા જ કોઈએ શોધી હશે ને!" (પૃ. ૧૧૭)

છૂટાછેડાને કારણે લોકોની તેની તરફ જોવાની દૃષ્ટિ બદલાઈ ગઈ છે. અપર્ણા સમજી નથી શકતી કે પતિથી છૂટા થયા બાદ સૌ સ્ત્રીનો જ વાંક શા માટે કાઢે છે? શું એમાં પુરુષનો કોઈ દોષ ન હોઈ શકે? સમાજની પોકળ માન્યતાઓ સામે તે મનોમન વિરોધ નોંધાવે છે.

**'મારી નીની' (એંધાણી, ૧૯૮૯)**

નંદિતા નાની હતી ત્યારે માતા-પિતા વચ્ચે વારંવાર તકરાર થતી હતી. આ કારણે માતા-પિતા અલગ થયાં હતાં. તે સમયે કોર્ટે નંદિતાનો કબજો તેનાં ફોઈને સોંપ્યો હતો.

ફોઈ-ફુવા અને બન્ને ભાઈઓ સાથે તે હળી ગઈ છે. કોર્ટના હુકમ મુજબ યુવાન થયેલી નંદિતાને માતા પાસે જવાનું છે. તે આ માટે માનસિક રીતે તૈયાર નથી. ભૂતકાળની કડવી યાદોનો મનમાં સંગ્રહ કરીને બેઠેલી નંદિતા મનોમંથન અનુભવે છે.

"જે પ્રેમ, ઉષ્મા, રિસામણાં, મનામણાં અહીં પામી હતી શું એ સઘળાંનું પોટલું વાળી લઈ જવાશે એનાથી?" (પૃ. ૧૫૧)

**'એક પ્રણયકથાનો અંત એટલે કે આરંભ' (એંધાણી, ૧૯૮૯)**

અમિતા અને અવિનાશની પાંચમી લગ્નતિથિ છે. અવિનાશને આ દિવસ યાદ હશે અને પોતાને ભેટ મળશે જ એ માટે અમિતાએ બહેનપણી સાથે શરત લગાવી છે. પોતે અવિનાશને યાદ ન કરાવી શકે તે માટે સમ લીધેલાં છે. દિવસ પૂરો થતાં સુધી એ રાહ જુએ છે. એની એક એક ક્ષણ બેચેનીમાં વીતે છે. આથી તે આખો દિવસ વ્યગ્ર રહે છે. જો રાત સુધી અવિનાશને યાદ નહીં આવે તો પોતાની આબરૂ જશે અને પોતે મિત્રવર્તુળમાં હાંસીનું પાત્ર બનશે એની તેને ચિંતા છે.

**'ડ્રીમલેન્ડ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

પાંત્રીસ વર્ષની વયે પહોંચીને કુંવારી રહી ગયેલી કાનનની વેદના 'ડ્રીમલેન્ડ' વાર્તામાં નિરૂપાઈ છે. કાનન માટે વિધુર કે છૂટાછેડા થયેલ પુરુષોની વાત આવે છે. તે એવા વ્યક્તિ સાથે લગ્ન કરવા માગતી નથી. ઉંમરને કારણે તેને કુંવારો પુરુષ મળે એમ નથી. પારિવારિક સમસ્યાઓનો ભોગ બનેલી કાનનને અસુરક્ષિતતાની ભાવના થાય છે.

**'શાંતિ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

શાંતિ સંયુક્ત પરિવારની વિધવા પુત્રવધૂ છે. પતિ પ્રકાશના આકસ્મિક નિધનને કારણે તે એકલી પડી જાય છે. તેનો સંઘર્ષ અહીંથી આરંભાય છે. શાંતિ જાણે છે પોતાની જરૂર આ ઘરમાં શા માટે છે. સવારથી માંડીને ઘરના કામ અને સભ્યોને સાચવવામાં જ તેનો સમય

પૂરો થઈ જાય છે. તે અનુભવે છે કે ઢગલાબંધ કામ કરવા છતાં આ ઘર તેનું નથી, તે અહીં કોઈના આશરે છે. અન્યોનાં ઉપકારના બોજ તળે દબાયેલી શાંતિ મનોમન અકળાય છે.

"ના, આ પોતાની દુનિયા નથી. પોતે તો કોઈને ત્યાં આશરો લેતી બિચ્ચારી સ્ત્રી છે, જે ઢગલાબંધ કામ કરે છે, છતાં આ ઘર એનું નથી. આ સ્વજન એના નથી, એની કોઈ કમાણી નથી." (પૃ. ૧૬૭)

**'બાજી' (અનુરાધા, ૨003)**

આ વાર્તામાં સમાજના સામસામે છેડે જીવતી બે સ્ત્રીઓનો સ્વસંઘર્ષ રજૂ થયો છે. રંજન પાસે પૈસાની રેલમછેલ છે. રૂપાળો દીકરો છે. તેના બહુમાળી ફ્લેટની સામે જ સવી શાકભાજી વેચે છે. તેનો વર મરી જતાં તે એકલી પડી છે. સવી રંજનને જ્યારે જુએ છે ત્યારે તેને રંજનની અદેખાઈ થાય છે. તેને લાગે છે કે રંજન કરતાં સુખી દુનિયામાં કોઈ નથી. સામે છેડે રંજન કરોડોમાં કમાણી કરતા પતિની બીજે ભટકવાની આદતથી પરેશાન છે. તેનાં પતિ દેવરાજને એક્ટ્રેસ સાથે અનૈતિક સંબંધ છે. દીકરો ચિન્ટુ પણ હાથમાં રહ્યો નથી. રંજન સવીને જુએ છે ત્યારે તેને સવી પોતાનાં કરતાં વધુ સુખી હોય એમ લાગે છે. વાર્તામાં મૃગજળ જેવા સુખની શોધમાં ભટકતી બન્ને સ્ત્રીઓની અંતર મથામણ છે.

"ટોપલામાં વજન નહોતું તોય સવીને આજે ભાર ભાર લાગવા માંડ્યો. થડને ટેકે ઊભી રહી. ક્યાં સુધી સવી આ ઢસળબોળા ને તારૂં કોણ? ઘેર જતાં પાવળું પાણી કોણ પાય અને વા હારે વાતું કરવાની?" (પૃ. ૯૬-૯૭)

"ગોડ શું કરે મોના? મારી એકે માનતા ફળી નથી. જો આ હીરાના સોલીટેર. પેલીને ફ્લેટ લઈ આપ્યો મારા જન્મદિવસે જ... અને... આ ભેટ... મને..."(પૃ. ૯૮)

**'સપનાંનો વીંટો' (અનુરાધા, ૨૦૦૩)**

રસીલાનો પતિ કાંતિલાલ અચાનક ઘર છોડીને ક્યાંક ચાલ્યો ગયો છે. રસીલાએ સંભવિત દરેક સ્થાનોએ તેની તપાસ કરી છે. પતિને શોધવાની અને યુવાન થતી જતી દીકરીઓને સાચવવાની બેવડી જવાબદારી એના માથે આવી પડી છે. તેને ચિંતા થાય છે. આખરે ગુંડાઓના ડરથી તે ઘર છોડીને ચાલી જાય છે. તેનો સંઘર્ષ ટોચે પહોંચે છે.

"રડવાનાય હોશ ખોઈ બેઠેલી રસીલા માંડ ઘર સુધી પહોંચી. પતિનો પત્તો નથી એ દુ:ખ કરતાં ઝાઝી ફિકર બે જુવાન દીકરીઓની છે." (પૃ. ૧૫૦)

**'ગોકુળમાં ટહુક્યા મોર' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

મંજરીએ ગુજરાતી ભાષામાં અભ્યાસ કર્યો છે. તેને ગીતો અને ગરબાનો ઘણો શોખ છે. ગુજરાતી ભાષા અને વાંચન પ્રત્યે લગાવ છે. લગ્ન પહેલાં તેણે ભાવિ પતિ સાથે વાત કરી રાખી હતી કે તે વધુ અભ્યાસ કરવા માંગે છે. મધુકરે એ વાત માન્ય પણ રાખી હતી. છતાં એવા સમય અને સંજોગો આવ્યા કે તે ભણી શકી નહીં. આ વાતે તે મનોમન અકળાય છે.

"સગાંસંબંધીઓ સાથેના વ્યવહાર અને વધતા જતા ધંધાના સંબંધોના ઝીણા તંતુઓ વીંટળાતા જતા હતા. પતિએ આપેલું એક નાનકડું વચન... અને પછી..." (પૃ. ૪)

બાળકોને શાળામાં મૂકવા સમયે બન્ને વચ્ચે ઘર્ષણ થાય છે. મધુકરની જીદ સામે તેને બાળકોને અંગ્રેજી શાળામાં મૂકવા પડે છે. મધુકરને ગુજરાતી ભાષાનું કોઈ જ મૂલ્ય નથી એ જોઈ તે મનોમન દુ:ખી થાય છે. મંજરી અને મધુકર વચ્ચેનો આ સંવાદ જુઓ:

"છે. મોટ્ટો વાંધો છે. એ લોકોનું ફ્યુચર શું? એ લોકોને કેટલો ઇન્ફિરિયોરિટી કૉમ્પ્લેક્સ આવશે? કલ્પના છે તને?"

"પણ..."

"માય ચિલ્ડ્રન સ્ટડિંગ ઇન ગુજરાતી સ્કૂલ?" (પૃ. ૫)

મંજરી કાજલ અને આકાશને ગુજરાતી શીખવવાનો પ્રયત્ન કરે છે. બન્ને એમાં કોઈ રસ લેતાં નથી. ઉપરથી તે મંજરીનું અપમાન કરે છે. બાળકોને પોતાનો વારસો નથી મળ્યો એ વાતે મંજરી અસંતુષ્ટ થાય છે.

"પણ સંતાનો તો પોતાનું જ અંકુરિત બીજ. ધાર્યું હતું વૃક્ષની જેમ ઊગશે. લીલાંછમ્મ મહોરશે... જાણે આખી જિંદગી કશીક પ્રાપ્તિ વિના એમ જ વીતી ગઈ." (પૃ. ૧૨)

**'કોઈ વાર થાય કે...' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

લગ્નના ઘણા સમય પછી શાલુને મળવા ભાઈનો મિત્ર સોલંકી આવે છે. શાલુ તેની સાથેના શૈશવનાં સંસ્મરણોને ઉકેલે છે. શાલુને સોલંકી સાથે ગાળેલો સમય યાદ આવે છે. ભાઈ નિખીલે તેને સોલંકી સાથે પરણાવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. એ સમયે તેને સોલંકી બેજવાબદાર લાગ્યો હતો. પછી પોતે અમીર કુટુંબમાં પરણી હતી. આજે તેને પાસે દરેક ભૌતિક સુખ-સાધનો હતાં. પણ પતિના પ્રેમ અને બાળક વગર તેનું જીવન સૂનું હતું. આ સઘળું યાદ આવતાં તેને મનોમંથન થાય છે.

"કહેવાનું શું છે સોલંકી? ભારતમાં અસંખ્ય યુવતીઓ મા-બાપના કહેવાથી ગોઠવાઈ જાય છે એમ હું પણ... તું જુએ છે મારે કોઈ કમી નથી." (પૃ. ૧૩૧)

આ જૂથમાં વાર્તાકારે સ્ત્રીનો સ્વ સાથેનો સંઘર્ષ દર્શાવ્યો છે. કેટલીક વાર્તાઓમાં સ્ત્રી એકલતાને કારણે દુ:ખી છે. પોતે જે ધારણા કરી છે તે પૂરી ન થવાને કારણે સંઘર્ષમાં મૂકાતી સ્ત્રીઓ આ જૂથમાં જોવા મળે છે. શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં બાળકો જન્મવાને લીધે મનોમંથનમાં પડેલી સ્ત્રીઓનું નિરૂપણ છે. વિશ્વાસભંગ થયા પછી માનસિક રીતે પડી ભાગતી અવની પતિને મુક્ત કરી જેલમાં જવાનું પસંદ કરે છે. અપંગ બાળકને કોઈની દયાથી નહીં પણ પ્રેમથી ઉછેરવાનું નક્કી કરતી 'મધુર ક્ષણો'ની સુજાતા મક્કમ છે. રક્ષા વિકલાંગ બાળકીને મોટી તો કરે છે, પણ યુવાન બનતી દીકરીની રક્ષા માટે તેને આશ્રમમાં મોકલે છે.

પતિની જોહુકમીને કારણે ઘર છોડીને ચાલ્યા જતા હેમાંગની યાદમાં શાંતિબા ટળવળે છે. દત્તક પુત્ર રાહુલ પોતાને છોડીને ચાલ્યો તો નહીં જાય ને એવી આશંકા સાથે લીલા ફફડતા હૃદયે જીવે છે. રીટા વિધર્મી યુવાનને ન પરણે તે માટે કીશુબહેન યુ.કે.થી તેની પાછળ ભારત સુધી લાંબાં થાય છે. સાસરીમાં અણબનાવ થતાં પિયર આવેલી વંદનાને આ ઘર હવે પોતીકું ન લગતા મૂંઝારો થાય છે. વીસ વર્ષ સુધી પોતાનું સમજી રાજુલ ઘરને શણગારતી આવી છે. પતિના એક જ શબ્દ 'મારું ઘર'એ તેને ઉંબર પર ઊભેલી નવોઢા બનાવી મૂકી છે.

મૂકબધિર બાળકીની શુશ્રુષામાં પરોવાયેલ શાંતા અનાયાસે જ પતિથી દૂર ધકેલાઈ જાય છે. હિનાની સ્વતંત્ર કમાણી હોવા છતાં માતાને મદદ ન કરી શકતાં લાચારી અનુભવે છે. સિંહાસનના પાયામાં વર્ષો સુધી જડાયેલી પૂતળીઓ વેદના અનુભવે છે. વાર્તાકારે ભિન્ન પરિવેશની સ્ત્રીઓનાં સ્વસંઘર્ષની વાત આ જૂથમાં વણી લીધી છે.

આ જૂથની વાર્તાઓનો અભ્યાસ કરતી વખતે ધ્યાનમાં આવ્યું કે સ્ત્રી-પાત્રોને અન્ય પાત્ર સાથે સીધું ઘર્ષણ નથી. તેમ છતાં તેઓ સંઘર્ષ અનુભવે છે. જો કે સીધી કે આડકતરી રીતે સ્વસંઘર્ષ માટેનું નિમિત્ત તો કોઈને કોઈ હોય છે. પણ અન્ય પાત્ર તેને જાણીને સંઘર્ષમાં નાખતું હોતું નથી. અમુક પરિસ્થિતિ અને સંજોગો તેના સંઘર્ષ માટેનું પરિબળ બને છે.

કેટલીક નાયિકાઓ વિપરીત પરિસ્થિતિમાં આવે છે અને તેમની ભૂમિકા નિર્ણાયક બને છે. 'નરો વા કુંજરો વા'ની સ્થિતિમાં આવેલી સ્ત્રીઓ પોતાની જાત સાથે જ પ્રશ્નોત્તરી કરે છે. એનો યોગ્ય ઉકેલ ન મેળવી શકતા તે વધુ નિરાશ થાય છે. આ કારણે પણ તેઓ પોતાની જાત સાથે સંઘર્ષમાં પડે છે. કાર્યપૂર્તિ માટેની અક્ષમતા પણ સ્વસંઘર્ષ માટેનું એક કારણ બને છે. આ જૂથમાં સ્વસંઘર્ષ અનુભવતી સ્ત્રીનું આલેખન કર્યું છે.

## જૂથ-૨ : સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ

ભારતીય સમાજમાં નારીમુક્તિ માટે આંદોલનો થયાં. સ્ત્રી-સ્વાતંત્ર્યની ચળવળો ચાલી. છતાં આનાં કેટલાં પરિણામો મળ્યાં છે તે શોધવાનો વિષય છે. પુરુષપ્રધાન સમાજમાં પોતાના ઘરમાં જ સ્ત્રીની દશા બંદી જેવી હોય છે. આ જૂથની વાર્તાઓ આ હકીકત પર પ્રકાશ પાડે છે.

આ જૂથમાં ૨૦ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. પુરુષો સાથેના ઘર્ષણને કારણે દુ:ખી થતી સ્ત્રી-પાત્રોનો સંઘર્ષ અહીં રજૂ થયો છે. ૮ વાર્તાઓમાં સ્ત્રીનો પુરુષો પ્રત્યેનો સંઘર્ષ વધુ તીવ્ર છે. ૭ વાર્તાઓમાં સ્ત્રીનો સંઘર્ષ મધ્યમ રીતે રજૂ થયો છે. અન્ય વાર્તાઓમાં આ સંઘર્ષની તીવ્રતા સામાન્ય છે.

પુત્ર અને પતિ બન્ને તરફથી દગો થતાં સ્ત્રીની માનસિક અસર તીવ્ર બની છે. પતિનો અન્ય સ્ત્રી સાથેનો સંબંધ જાણી જતાં સ્ત્રીઓ પર શી વીતે છે તેની વાત કરી છે. બહારથી સુખી દેખાતા સંસારમાં ઘરની સ્ત્રીઓની કેવી દશા હોય છે તેની રજૂઆત બે વાર્તામાં થઈ છે. પોતાનો ભાઈ ગુનેગાર હોવા છતાં પિતા તેને મુક્ત કરાવે છે એથી પદ્માની મથામણ તીવ્ર બની જાય છે. બાળોતિયાંની બળેલ કુસુમ પહેલાં પિતા અને પછી પતિ બન્નેની અવહેલનાથી થાકી જાય છે. સુનિતા ફિલ્મ ડાયરેક્ટરના બળાત્કારનો ભોગ બની દુ:ખી છે. જ્યારે મયૂરી પતિની હેવાનિયતથી કંટાળી રોજ બળાત્કારની વેદના ભોગવે છે.

**'બે સ્ત્રીઓ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

આ વાર્તામાં બે નાયિકાઓ છે, એક સાસુ ચંદ્રાબહેન અને બીજી ભાવિ પુત્રવધૂ સુમતિ. બન્નેને પુરુષ તરફથી છેહ મળ્યો છે. સાસુ ચંદ્રાબહેનની યુવાવસ્થામાં પતિએ તેમને દગો આપ્યો હતો. જેમાં સંઘર્ષનું બીજ વવાયેલું દેખાય છે. એ સમય વીતી ગયો હતો અને હવે દીકરો અનિલ મોટો થઈ ગયો હતો.

ચંદ્રાબહેનને હવે સારા સમયની પ્રતીક્ષા હતી. પરંતુ, જે કામ પતિએ કર્યું હતું, તેવું જ દીકરાએ કર્યું અને અન્ય સ્ત્રીના મોહમાં અંધ બન્યો. ભૂતકાળમાં ઘટેલી ઘટનાનું પુનરાવર્તન થતાં તેમનો સંઘર્ષ ટોચે પહોંચે છે. પતિની બેવફાઈને જીરવી ગયેલ ચંદ્રાબહેનને ભાવિ પુત્રવધૂ સુમતિ પ્રત્યે લાગણી છે. આથી તે અનિલ સાથે સીધા સંઘર્ષમાં પડે છે.

"પતિ નામનું પ્રાણી. શું સુખ પામ્યાં હતાં એને પરણીને! લગ્નનાં વર્ષ દિવસમાં જ પતિ નામના પ્રાણીનાં અણિયાળાં શિંગડાં... ઝેર રગરગમાં વ્યાપી ગયું હતું." (પૃ. ૭૦)

વાર્તામાં સુમતિનો પ્રેમી અનિલ સાથેનો શાંત સંઘર્ષ છે. અનિલનો બદલાતો જતો સ્વભાવ અને રહેણી-કરણી સુમતિ જોયા કરે છે. અનિલની પોતાના તરફની બેદરકારી જાણી જતાં સુમતિને આઘાત લાગે છે.

"અનિલની આંખોનો રંગ, સ્પર્શની ભાષા, પ્રણયની સુગંધ ધીમે ધીમે અદૃશ્ય હવાની જેમ બદલાતાં હતાં. સત્તાની, પૈસાની પ્રબળ થતી જતી લાલસાના પ્રચંડ વેગવાળા પ્રવાહમાં એ ઘસડાઈ તો નહોતો રહ્યો!" (પૃ. ૭૪)

**'શીરો' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

કુસુમ ચોથી દીકરી હતી અને બાપને માટે વણજોઈતી હતી. તેના જન્મ પહેલાં જ બાપે માતાને ગળે-હાથે તાવીજ, દોરા, મંત્રેલા મણકા બાંધ્યા હતાં અને છોકરો આવે તે માટેની બાધા રાખી હતી. પણ કુસુમનો જન્મ થયો અને માતાએ દુનિયામાંથી ચિરવિદાય લીધી. પિતાએ અન્ય સ્ત્રી સાથે લગ્ન કર્યાં. ચાર દીકરીઓને ઘર બહાર કાઢી. પોતાની ચિંતા કર્યા વગર નવું ઘર માંડી દેનાર પિતા તરફ કુસુમને નફરત છે. તે અંતિમ સમયે પિતાનુ મોં જોવા પણ જતી નથી.

"પગ ભારે થઈ ગયા. હવે તો ગામ ન જ જવાય. મરવા દે બાપને. માફી માગે એટલે શું ભોગવ્યાનો છેદ ઊડી જાય? પોતાનો ધણી. પિશાચ જ તો! બાપને કારણે આ કૂવામાં પડી ને! એણે અમને પાંખમાં લીધાં હોત તો થાત આમાંનું કશું?" (પૃ. ૧૭૫)

પિતા તરફથી બે મીઠા બોલ ન પામેલી કુસુમનાં લગ્ન થાય છે. સુખી સંસારની કલ્પનામાં કુસુમ ખુશ થાય છે. પણ પતિ રોજ દારૂ પીને તેને મારે છે. બળજબરીથી તેના શરીર પર હક્ક જમાવે છે. કુસુમ આઘાત પામે છે.

"આ બધું કોઈકનું હતું. આ સઘળા સામાનનો ધણી આવતો અને એ પેટમાંના ગર્ભની જેમ કોચલું વળી જતી. બે-ચાર લૂગડાં અને ખાવાનું... ચૂપચાપ. રોજેરોજ. ઊગ્યો કે આથમ્યો, માસિક હોય કે કોરીધાકોર." (પૃ. ૧૭૩-૧૭૪)

**'સતી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નાયિકા પતિની ખૂબ પજવણી અને મારઝૂડને કારણે ત્રાસી ગઈ છે. તેનાથી કંટાળીને તે પતિનું ખૂન કરે છે. પાંચ વર્ષ પછી એ જેલમાંથી છૂટે છે. એક સ્ત્રીને ગુનેગારની દૃષ્ટિએ મૂલવતો સમાજ તેની સાથે કેવો દુર્વ્યવહાર કરે છે તેનો વાર્તામાં ચિતાર છે. પુરુષનો કેદી તરીકે સ્વીકાર કરતો પુરુષપ્રધાન સમાજ સ્ત્રીને તેને ભૂલ માટે માફ નથી કરી શકતો તેની હૃદયસ્પર્શી વાત છે. અહીં નાયિકાનો સમગ્ર પુરુષપ્રધાન સમાજ સાથેનો સંઘર્ષ દેખાય છે.

"અસ્ત્રીની જાત ને જેલમાં? હવે ગામને દંડ ભર. માળા હાળા પુરુષો. ઈ પોતે કાયમ કોરાકટ્ટ. ઈમને કોઈ પાપ નો અરઘે. મૂઓ ભગવાન પણ મરદ જ છે ને! ઈને તો..." (પૃ. ૬૦)

સ્ત્રીને કેવળ વાસનાપૂર્તિ માટેનું સાધન સમજતા જેલના સંત્રીઓ સામે પણ તેનો આક્રોશ જોઈ શકાય છે.

"સાલ્લા ભૂલ ગયા રે! મૈંને ધનીકો મારા. પથ્થરસે સર ફોડ દિયા. તુઝકો છોડુંગી ક્યા મૈં? પુલિસ ઔર જેલકી ઝંઝટસે ડરતા કૌન હૈ?" (પૃ. ૫૮)

**'મંગળસૂત્ર' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નીના પતિ ઈશાનના લીના સાથેના અવૈધ સંબંધો જાણે છે. તે ઈશાનનું ઘર છોડવાનો નિર્ણય કરે છે. ઈશાન તેને સમજાવે છે. જો નીના લીનાનો સ્વીકાર કરે તો સમાજમાં તેનું સ્થાન કાયમ જ રહેશે એ વાત મૂકે છે. નીના ઈશાનની નફ્ફટાઈથી આશ્ચર્ય પામે છે. ઈશાનની સ્વાર્થી વિચારસરણી તેને સંઘર્ષમાં મૂકે છે.

"નીનાને ખૂબ જોરજોરથી લડવાનું, વીતેલાં વર્ષોની ક્ષણક્ષણનો હિસાબ માગવાનું મન થઈ આવ્યું... અને છાતીમાં તીક્ષ્ણ નહોર ભરાવતું હિંસક પશુ કૂદીને બહાર નીકળી જાય એવી તીવ્ર ઇચ્છા અણુઅણુમાં થઈ આવી." (પૃ. ૯૦)

**'જોડકું' (અનુરાધા, ૨૦૦૩)**

નંદિનીને પ્રથમ પ્રસૂતિમાં બે દીકરીઓ જન્મી છે. છે. પતિ સમીરને આ વાત ગમી નથી. દીકરીઓનાં ઉછેરમાં તે મદદ કરતો નથી. અહીંથી નંદિનીનો સંઘર્ષ આરંભાય છે. તે ઉદાસ થાય છે. બન્ને દીકરીઓને એકલે હાથે સંભાળતાં તે થાકી જાય છે. દીકરીઓ ત્રણ વર્ષની થતાં જ સમીર પુત્ર માટેની માગણી કરવા લાગે છે. પોતાના હાડ-માંસમાંથી જન્મેલી દીકરીઓ તરફનું સમીરનું વર્તન તેનામાં સંઘર્ષ જન્માવે છે.

"સમીર, દીકરીઓ પણ તમારું જ લોહી છે ને! દીકરાઓની જેમ એય આપણાં જ પિંડમાંથી જન્મી છે ને! તમારી સૌથી વહાલી બા એય દીકરી નથી? તમારી બહેનો... હું..." (પૃ. ૪૭)

નંદિનીની સાસુને વંશ વધારવા માટે દીકરાની ઘેલછા છે. એના માટે એ નંદિનીને અમુક ટુચકા કરાવે છે. પુત્રને બદલે જોડકી દીકરીઓ જન્મે છે. આ સાથે નંદિનીની

માનસિક અને યાતનામય સફર શરૂ થાય છે. સાસુને દીકરીઓ પસંદ નથી એ વાતે નંદિની ચિંતિત છે. થોડા સમયના અંતરાલે સાસુએ દીકરા માટેની માગણી અને સમીરની કાનભંભેરણી શરૂ કરે છે. આથી નંદિની અને સમીરની વચ્ચે કડવાશ વધવા લાગે છે. પુત્ર અને વહુ વચ્ચે દીવાલ બનતી સાસુ પ્રત્યે તેને રોષ જન્મે છે. સમીર અને નંદિની વચ્ચેનો આ સંવાદ જુઓ:

સમીરનો ચહેરો તમતમી ઊઠ્યો.

"બાએ કહ્યું જ હતું."

"શું કહ્યું હતું?"

"આજકાલ નંદિની હિંમતવાળી થઈ ગઈ છે. સમજાવીને કહેજે. દીકરો તો જોશે જ..." (પૃ. ૪૬)

**'આંધી' (અનુરાધા, ૨૦૦૩)**

વિદ્યા મિહિર સાથે લગ્ન કરી અમેરિકા જાય છે. ત્યાં જઈને તેને જાણ થાય છે કે મિહિર પહેલેથી પરિણીત અને વ્યસની છે. સુખી ભવિષ્યનાં સપનાં તૂટી જતાં તે ઉદાસ થાય છે. દેશમાં રહેલ માતા-પિતાને દુ:ખ ન થાય તે માટે અપમાનનો કડવો ઘૂંટ પીને મિહિર સાથે રહેવાનું નક્કી કરે છે. પણ મિહિરનો ત્રાસ વધતો જ જાય છે. પતિના ત્રાસથી થાકી તે સ્વદેશ પરત ફરે છે. ખૂબ કષ્ટ વેઠીને પુત્રને મોટો કરે છે. પુત્ર મોટો થઈને બેફામ બને છે અને બેફિકર વર્તન કરે છે. સિદ્ધાર્થના શબ્દો તેને ખૂંચે છે.

"ભવિષ્ય? સિદ્ધાર્થ ઊકળી ઊઠ્યો. મારા ભવિષ્યની બહુ ચિંતા હતી તો અમેરિકા છોડીને અહીં શું કામ આવી? વ્હાય ડિડ યુ લિવ માય ડેડ? થોડું સહન કરી લીધું હોત તો આજે હું અમેરિકા હોત. તારે લીધે હું અહીં સડું છું, ડેમ ઈટ." (પૃ. ૧૬૩)

**'તેં હજી જવાબ ન આપ્યો?' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વિવેક અને અંજનાનું સહજીવન સરસ રીતે પસાર થઈ રહ્યું છે. વિવેક પોતાના કામમાં વ્યસ્ત છે અને પુષા ઘરને સાચવવામાં. એક દિવસ પુષા જાણે છે કે વિવેક વેદિકા નામની યુવતી સાથે લગ્નેતર સંબંધ ધરાવે છે. તે આઘાતથી સૂનમૂન થઈ જાય છે. વિવેક પોતાની સફાઈ આપતા કહે છે કે પોતે વેદિકા વગર નહીં જીવી શકે. તેનો આઘાત બેવડાઈ જાય છે. પોતે પુષા અને વેદિકા બન્નેની સાથે રહેવા માગે છે એવી વિવેકની વાહિયાત વાત સાંભળી પુષાને તેના તરફ સંઘર્ષ થાય છે. વર્ષોના સહવાસ પછી પણ વિવેકને ઓળખવામાં થાપ ખાઈ ગઈ છે એ વાતથી પુષા મનોમંથન અનુભવે છે.

"પુષા વિવેકના આતુર ચહેરાને જોઈ રહી. શું ખરેખર એણે આવા માણસને પ્રેમ કર્યો હતો? પતિમાં રહેલા આ પુરુષને એણે ઓળખ્યો નહોતો." (પૃ. ૧૪૫)

**'બળાત્કાર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

મયૂરીને દોઢ મહિનાની પુત્રી છે. તે સુવાવડ માટે માતાનાં ઘરે આવી છે. કાચી સુવાવડ સાથે પતિ સમીર તેને પિયરથી લઈ જવા માંગે છે. પણ તે અંદરથી ફફડે છે. સમીર તેની સાથે રોજ હિંસક પશુની જેમ વર્તે છે. તેની મરજી કે ઇચ્છા જાણ્યા વગર જ તેની સાથે શરીર સંબંધ બાંધે છે. સમીરની પ્રેમ કરવાની રીતથી તે પરેશાન છે. મયૂરી સમીરના આવા વ્યવહારથી થાકી ગઈ છે.

**'ભલે પધાર્યાં' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

હીરાકાકી પતિ પરમસુખથી હંમેશા ડરે છે. પરમસુખકાકાનો સ્વભાવ ગર્વિષ્ઠ છે. તેમના માટે પત્નીની કોઈ જ કિંમત નથી. કેવળ પોતાનું ઘર ચલાવવા માટે જ હીરાકાકીને લાવ્યા હોય તેમ વર્તે છે. બધી જવાબદારી કાકીને માથે નાખીને કાકા પોતે મુક્ત રહે છે. કાકી

એમનાં સંસારને, વ્યવહારને અને બાળકોને સુપેરે સાચવે છે. છતાં કાકાને મોઢે પ્રશંસાને બદલે ટકોર જ મળે છે. પતિના એકહથ્થુ શાસન સામે સામે હીરાકાકીનો મૂક સંઘર્ષ છે.

"પરમસુખકાકાની તેજસ્વી આકૃતિની પાછળ એ પૂરાં ઢંકાઈ ગયાં હતાં. તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં." (પૃ. ૬૦)

"પણ અક્ષરેય ન બોલી શકે. બધી અકળામણ, મૂંઝવણ, દુઃખ બધું મનનું... તમને કેળવવાની કેટલી મહેનત કરી મેં! પણ તમે... કાકા શબ્દો છોડી દેતા, આ ન બોલાયેલા શબ્દો, તોલદાર નિઃશ્વાસ કાકીને ખૂબ પીડતાં." (પૃ. ૬૦)

**'ગાંઠે બાંધ્યું આકાશ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રૂક્ષ્મણીબેનનું સમગ્ર જીવન પતિ મણિકાંતનો પડછાયો બનીને જીવવામાં વીત્યું છે. હવે પતિનું નિધન થયું છે. આજીવન તેમની પાછળ ફરેલા રૂક્ષ્મણીબેનને પતિની અમુક કુટેવો યાદ આવે છે. પતિનો અકારણ ગુસ્સો, અચાનક આવીને પત્નીને 'ગમાર' કહીને તતડાવવાની આદત એ દરેક સ્મૃતિ તેમને માટે કડવી બની રહે છે.

"એ સૂતાં સૂતાં જોતાં રહે. અફલાતૂન કપડાં કબાટમાંથી નીકળે. અરીસામાં લળી લળીને જોઈને પહેરાય. પછી સુગંધથી મહેક મહેક થતાં પાછુંય જોયા વિના પતિ ચાલ્યા જાય અને પોતે તકિયાને છાતી સાથે ભીંસીને અંધારામાં પડ્યાં રહે." (પૃ. ૪)

**'એનઘેન ડાહીનો ઘોડો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

પદ્માની બહેનપણી રુચિનું ખૂન થયું છે. તે જાણે છે કે રુચિની સાથે પોતાના ભાઈ રવિએ દુષ્કર્મ કર્યું છે ત્યારે તેને રવિ તરફ ઘૃણા થાય છે. પિતાએ રવિને નિર્દોષ પુરવાર કરીને પાછો લાવવાની કવાયત શરૂ કરી દીધી હોય છે. આ વાત તેના માટે અસહ્ય થઈ જાય છે. પિતા સામે કશું ન બોલી શકતી તે મનોમન અકળાય છે.

**'બટમોગરો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નાયિકાનો પતિ વર્ષો પહેલાં તેને છોડીને પલાયન થઈ ગયો છે. નાયિકા પોતે ભણે છે અને દીકરીને પણ ભણાવે છે. નોકરી કરીને પુત્રીને મોટી કરે છે. અમુક વર્ષો પછી અચાનક પતિને સંસાર યાદ આવે છે. તેને પાછા ફરવાની ઇચ્છા થાય છે. પોતાની ફરજ ચૂકી ગયેલા પતિ તરફ નાયિકાને સહેજે લાગણી નથી. નાયિકા તેને સમજાવીને પાછો ફરી જવા વિનવે છે. તે નામક્કર જતાં નાયિકા આવેશમય પરિસ્થિતિમાં આવી તેની સામે થાય છે.

"લાકડી લઈ એમની સામે મારું રક્ષણ કરતાં એને ચાલી જવા સમજાવ્યો, વિનવ્યો. એ ધમકી, દમદાટી પર ઊતર્યો. મેંય ગભરાયા વિના ત્યારે જ પડોશીને એકઠાં કરી, બરાબર ઝગડો કરવાનો, પોલીસ સ્ટેશન જવાનો નિર્ધાર જણાવ્યો... સાત વર્ષથી ગુમ થઈ ગયા પછી મારા પર લગ્નનાં ભોગવટાનું કોઈ દબાણ નથી એય સોઈ ઝાટકીને કહી દીધું." (પૃ. ૭૨)

નાયિકાની પુત્રી શશી તેની અંતરંગ સખી છે. અન્ય કોઈ પુરુષ પાત્રનો તેને અનુભવ જ નથી. એકવાર અચાનક તે હોસ્ટેલથી ઘરે આવતાં કબાટમાં પુરુષનાં કપડાં જોઈને આઘાત પામે છે અને માનાં ચારિત્ર્ય વિશે અનેક તર્કવિતર્ક કરે છે. અહીં તેનો માતા સાથેનો મૌન સંઘર્ષ છે.

**'ચક્કર' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નવી પરણેલી અમૃતાને પતિ બોસના ઘરે પાર્ટી માટે લઈ જાય છે. નાના ગામમાંથી આવેલી અમૃતા હજી શહેરના રિવાજોથી પરિચિત થઈ નથી. સાહેબ તેના રૂપથી પ્રભાવિત થાય છે. તેને નોકરી અપાવવાની વાત કરે છે. તે સાહેબનો ઇશારો સમજી જાય છે. અમૃતા આ વાતે સંઘર્ષ અનુભવે છે કે પતિ શા માટે આ વાત જોઈ શકતો કે અનુભવી શકતો નથી? અહીં બોસની સાથે તે પતિ તરફ પણ સંઘર્ષ અનુભવે છે.

**'ઘંટી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

હેમાનો પતિ શૈલેષ ફ્રેક્ચર થવાને કારણે દવાખાને છે. તેને માથે બે દીકરીઓને સાચવવાની જવાબદારી છે. હેમા ચૂપચાપ કામ કર્યા કરે છે છતાંય તેને યશ મળતો નથી. શૈલેષને હેમાની જરાય પરવા નથી. તે હેમાની સરખામણી પોતાની માતા સાથે કર્યા કરે છે. તેના આત્મસન્માનને ઠેસ પહોંચે એવી ઘટના તેની આસપાસ રોજ થાય છે. આ દરેક વાતે હેમાને પતિ સાથે ઘર્ષણ થાય છે.

"નહીં ત્યારે!' શૈલેશે નિ:શ્વાસ મૂક્યો, 'બા એ બા હતી. તું માનશે? હજી હેમાના હાથમાં એ સ્વાદ ન આવે." (પૃ. ૧૪૧)

**'શ્રાવણીની કાવડ' (અનુરાધા, ૨૦૦૩)**

રજનીએ વર્ષો સુધી ઘર અને માનસિક રીતે અપંગ બહેનને સાચવી છે. અત્યાર સુધી ભાઈ સંજય અને ભાભી અમેરિકાથી જોવા પણ આવ્યાં નથી. હવે જ્યારે તેમને રજનીની જરૂર પડી છે, ત્યારે તેને સાથે લઈ જવા આવ્યાં છે. સંજય અપંગ બહેનને કોઈ સંસ્થામાં છોડી દેવાની સલાહ આપે છે. રજની સંજયના આ સૂચનને નકારે છે. સંજયનું ઘર અને અપંગ બહેન તરફનું બેજવાબદાર વર્તન રજનીને અંદરથી હલબલાવી દે છે.

"આટલા દિવસોમાં એક વખત સંજય કે વીણાએ તરુનું કોઈ કામ ન કર્યું હતું કે ન એની પાસે બેઠા હતા." (પૃ. ૧૯૬)

**'સંબંધ અથવા બીજું કશું નહીં' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

વાર્તામાં આધેડ વયનાં પુષ્પાબહેનના આજીવન સંઘર્ષની વાત છે. તેમનો પતિ બેવફા હતો. યુવાનીમાં એમની નજર સામે તેણે અન્ય સ્ત્રી સાથે સંબધ રાખ્યો હતો. મનમાં ઘર કરી ગયેલી ભૂતકાળની એ અનિચ્છનીય ઘટનાને કારણે પતિ તરફ ઘર્ષણ અનુભવાય છે. વર્ષો

પછી બીમાર પતિને મરણપથારીએ જોઈને તેમને એ ક્ષણો યાદ આવે છે અને પતિ તરફનો એ સંઘર્ષ બેવડાઈ જાય છે.

**'મોગરાની સુગંધ' (અનુરાધા, ૨૦૦૩)**

નિરંજન પત્ની રીતુની વધુ પડતી સારસંભાળ કરે છે. આને લીધે રીતુ મનોમન સંઘર્ષ અનુભવે છે. નિરંજન પોતાની વાત મનાવવા માટે રીતુની સ્વઓળખને પણ ભુલાવી દે છે. પોતાની વાતનું કોઈ વજૂદ જ નથી એમ લાગતાં રીતુ ચિડાય છે.

**'ઔરત સબ એક્સ્ટ્રા' (અનુરાધા, ૨૦૦૩)**

સુનિતા ફિલ્મોમાં ગ્રૂપ ડાન્સર છે. મા અને નાની બહેનનું પૂરું કરવા તે જાત નિચોવીને કામ કરે છે. તેનો જીવનનિર્વાહ માંડ ચાલે છે. એકવાર એક ડાયરેક્ટર તેને હિરોઈન બનાવવાનું સ્વપ્ન બતાવી તેની ઉપર બળજબરી કરે છે. પોતાના કુંવારાપણાને ખંડિત કરનાર પુરુષ તરફ તેને રોષ થાય છે.

**'એક જાત અસ્ત્રીની' (અનુરાધા, ૨૦૦૩)**

આ વાર્તામાં બે સ્ત્રીઓની વેદના છે. સ્મિતા નોકરી કરે છે. આર્થિક રીતે સ્વતંત્ર છે. લક્ષ્મી તેના ઘરે વાસણ સાફ કરે છે. બંનેની સામાજિક પરિસ્થિતિ અલગ છે. છતાં બંનેએ પોતાના પતિનો માર ખાવાનો અને તેમના માટે કમાઈને પણ લાવવાનું!

**'કહે દિયા સો કહે દિયા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વૈશાલી ચોવીસ વર્ષની કમાતી યુવતી છે. તે લગ્ન ન કરવાની રઢ લઈને બેઠી છે. તેની માતા માલતી તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે. સામે પક્ષે વૈશાલી પણ પરંપરાની જડ સાંકળોને તોડવા માટે અણનમ છે. તેની દલીલ છે કે લગ્ન પછી ઘર અને સંસારની બધી પળોજણ પત્નીએ જ કરવી પડે છે અને પુરુષો બધા લહેર કરે છે. તેનો સમગ્ર પુરુષવર્ગ

તરફનો સંઘર્ષ દૃશ્યમાન થાય છે. પુરુષો પ્રત્યેના પૂર્વગ્રહોને કારણે તે લગ્ન માટે તૈયાર નથી થતી. એટલે જ પિતાને કહે છે:

"મમ્મીના જ શબ્દો વાપરું તો તમે એક સળીનાં બે કટકાય કોઈ દિવસ કર્યા છે?... તો પરણીને મારાં, ઘરનાં, વરના અસંખ્ય કામ મારે જ માથે ઠોકાય ને! વ્હોટ ડુ યુ સે ટુ ધેટ?" (પૃ. ૯૪)

વૈશાલીને લગ્ન કરવા નથી કારણકે તે સમાજના નિયમોને માનતી નથી. તે સમજી શકતી નથી કે સમાજના કયા લોકોએ આ નિયમ બનાવ્યો છે કે દીકરીએ પરણવું જ પડે! આથી, તે સમાજ પ્રત્યે બંડ પોકારે છે.

"પપ્પા, દીકરીને ચોવીસ વર્ષ થયા એટલે લગ્ન કરવા જ પડે એવો કોઈ કાયદો નથી." (પૃ. ૯૩)

આ જૂથમાં વાર્તાકારે પુરુષ તરફથી સંઘર્ષ પામતી સ્ત્રીનો માનસિક પરિતાપ વર્ણવ્યો છે. પતિની બેવફાઈને જીરવી ગયેલ ચંદ્રાબહેન ભૂતકાળનું પુનરાવર્તન ન થાય તે માટે પ્રયત્નશીલ બને છે. આડા રસ્તે ચાલ્યા ગયેલ પુત્રને ઘરની બહાર કાઢવાની તૈયારી બતાવે છે. જન્મીને તરત જ પિતાની ધૃણાનો ભોગ બનેલી કુસુમ પતિનો પ્રેમ ઇચ્છે છે. કુસુમને લાગણીને બદલે વાસનાભૂખ્યો વર મળતા તેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચે છે.

'સતી'ની નાયિકા પતિના ત્રાસથી એટલી હદે થાકે છે કે તેનું ખૂન કરી દે છે. મંગળસૂત્રની ગાંઠ ઈશાનને પાછો ન લાવી શકવાની હોય તો એને ઊતારી જ દેવું જોઈએ એમ નીના દૃઢપણે માને છે. 'ભલે પધાર્યાં' અને 'ગાંઠે બાંધ્યું આકાશ' બન્ને વાર્તાનાં નાયકો સમાજમાં નામના ધરાવે છે. પણ એમની પત્નીઓને અધ્ધર રાખે છે. રૂક્ષ્મણી બહેન અને હીરાકાકીની આ વેદનાને કોઈ જાણી શકતું નથી. આધુનિક યુગની વૈશાલી લગ્નના બંધનમાં બંધાવા માગતી નથી.

## જૂથ-3 : સ્ત્રીનો સમાજ સાથેનો સંઘર્ષ

આ જૂથની વાર્તાઓમાં સ્ત્રીનો સમાજ સાથેનો સંઘર્ષ રજૂ થયો છે. સમાજમાં જોવાય છે કે સ્ત્રીઓના કેટલાય પ્રશ્નોને તો ગંભીર રીતે પ્રશ્નો જ માનવામાં આવતા નથી. સ્ત્રીની મારપીટ કરવી એ સબળ પુરુષનું લક્ષણ મનાય છે. સ્ત્રીને નાની વયથી જ શીખવવામાં આવે છે કે પતિની અને પરિવારના અન્ય સભ્યોની સેવા કરવાનો તેનો ધર્મ છે. પોતાનો એ ધર્મ સ્ત્રી પૂરી નિષ્ઠાથી નિભાવે છે. પણ એ જ સ્ત્રી જો ગંભીર બીમાર થાય તો એને રામ ભરોસે છોડી દેવાય છે. સમાજની પરંપરાઓને તોડવા મથતી સ્ત્રીને પાપિણી અને દુરાચારીનું ઉપનામ આપવામાં આવે છે.

ઉચ્ચ કુળનું અભિમાન ધરાવતા પુરુષો પણ હલકા કુળની સ્ત્રીઓને પોતાની જાગીર માને છે. તેમની સાથે પોતાની મરજી પ્રમાણે વર્તવાનો હક સમાજે પુરુષને આપ્યો છે. પતિ કરતાં વધુ કમાણી કરનાર સ્ત્રીને પણ અપમાન સહન કરવું પડે છે, કારણ કે પુરુષપ્રધાન સમાજનાં પ્રતિનિધિ પતિનો અહમ ઘવાય છે. પતિના મૃત્યુ બાદ સ્ત્રીએ કેવા નિયમો પાળવા તેની યાદી સમાજ બનાવે છે. પણ એ જ સમાજ વિધુર પુરુષ પર કોઈ બંધન લાદતો નથી. આ દરેક કારણો સમાજ તરફ સંઘર્ષ થવાં માટેના પરિબળો બને છે.

આ જૂથમાં ૬ વાર્તાઓનો સમાવેશ છે. અસાધ્ય રોગનો ભોગ બનેલ રૂપાનો હ્રદયવિદારક વિલાપ તેના સંઘર્ષની તીવ્રતાને વધુ ઘેરો કરે છે. વિધવા સ્ત્રી માટે બનાવેલા નિયમોને પાળવાને બદલે કરુણા પ્રૌઢ વયે લગ્ન કરવાની હિંમત કરે છે. હરિજન યુવતી રાજરાણી અને સંસ્કારી રૂપા સમાજ સામે બંડ નથી પોકારી શકતી, તેમની વેદના અસહ્ય છે. આ જૂથની વાર્તાઓમાં સ્ત્રીને સમાજમાં પ્રવર્તમાન નિયમોને લીધે ભોગવવી પડતી યાતનાઓ વિશે વાત છે.

સમાજના અમુક નિયમોને પડકારતી સ્ત્રીની વાત અહીં છે. જે નિયમો સ્ત્રીઓને પાળવા પડે છે તે પુરુષોને માટે કેમ નથી એ વાતથી વિચારમાં પડેલી સ્ત્રી 'હરિ મને આપો એકાદી એંધાણી'માં છે. વર્તમાન સમયમાં દીકરો અને દીકરી વચ્ચે કોઈ ભેદ હોતો નથી, છતાં સ્ત્રીભૂણહત્યા સમાજનો એક વ્યાપક પ્રશ્ન છે. એ પ્રશ્ન પર પ્રકાશ પાડતી 'લોલક' વાર્તા છે. સમાજના કહેવાતા મોટા માથાઓ સામે ગરીબ દીકરીઓના કલ્યાણ અર્થે મેદાને પડેલી પ્રમિલાને વરવા અનુભવો થાય છે.

**'હરિ મને આપો એકાદી એંધાણી' (એંધાણી, ૧૯૮૯)**

આ વાર્તામાં સ્ત્રીનો સમાજ, પરિવારજનો ઈશ્વર સાથેનો સંઘર્ષ છે. સુખી ઘરની પુત્રવધૂ રૂપાને ગંભીર રોગ થાય છે. પતિ અને પરિવારજનો તેને આશ્રમમાં મૂકી આવે છે. રૂપા નાના બાળકને યાદ કરીને નિસાસા નાખે છે. પરિવારનો પ્રેમ એ કેવળ દેખાડો જ હતો કે પછી શરીર સાથેનું બંધન હતો? એ વાત સમજી ન શકતી રૂપા પોતાને માટે કઠોર નિર્ણય લેનાર પરિવારજનો પ્રત્યે રોષે ભરાય છે. રૂપાનાં સાસુ સામાજિક કાર્યકર છે. મોભાદાર કુટુંબ તેને અડધી રાતે ઘરની બહાર મોકલી દે છે એ વાત તેને માનવામાં આવતી નથી. સમાજની નરી દંભી અને ખોખલી માનસિકતા તરફ તેનો રોષ વધે છે.

"પણ ના. ગુપચુપ અંધારામાં નીકળી જવાનું હતું. કોઈને કશી ખબર ન પડવી જોઈએ. ચકલું સુધ્ધાં ન જાણે કે આ ઘરની વહુને રક્તપિત્ત થયો છે. કેવું મોભાદાર ઘર! કેવું ખાનદાન કુટુંબ! પતિ ડોક્ટર, સાસુ સામાજિક કાર્યકર, દેર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ." (પૃ. ૪)

**'ભાગ્યનું લખત' (એંધાણી, ૧૯૮૯)**

રાજરાણી હરિજન પરિવારની દીકરી છે. જમીનદાર લાલમાન તેની ઉપર બળાત્કાર કરે છે. જમીનદારો હરિજનોને પોતાની સમકક્ષ નથી ગણતા પરંતુ તેમની સ્ત્રીઓને પોતાની જાગીર માને છે. તેમનો ભોગવટો કરવો એ પોતાનો જન્મસિધ્ધ અધિકાર માને છે.

સમાજમાં પ્રવર્તતી આવી બેવડી માનસિકતા તરફ રાજરાણી લાચાર છે. શરીરની વેદના કરતાંય આ તકલીફ તેને માટે વધુ ઘાતક પુરવાર થાય છે.

"મારપીટ અને પછી ધગધગતા ડામ. અધમૂઆ પતિની સામે જ પરણેતર પર બળાત્કાર થયો. ત્રણ રાત એ મહેફિલ ચાલી... પોલીસે બન્નેને પૂર્યાં અને પછી રડતી-કકળતી ઇન્દ્રાનિયા પર ફરીથી બળાત્કાર..." (પૃ. ૧૯૮)

**'લોલક' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વાર્તાની નાયિકા પીઢ વયની સ્ત્રી નાનુમા છે. નાનુમા પોતાની દીકરી સુધાના ઘરે રહેવા જાય છે ત્યારે વાતાવરણ ભારે હોય તેવું વર્તાય છે. સુધાને આ વિશે પૃચ્છા કરતાં તે કહે છે કે પોતાની વહુને ફરી દિવસો છે અને તેના ગર્ભમાં દીકરી છે. પતિ-પત્ની બન્ને તેનું અબોર્શન કરાવવા માંગે છે. આ વાત સાંભળી નાનુમા દુભવાતા દિલે સુધાનું ઘર છોડી પાછાં જતાં રહે છે. તે સુધા માટે એક પત્ર મૂકી જાય છે, જેમાં પોતે પિતાને ચાર દીકરીઓ હતી તે વાત કહે છે. ગાંધીજીના રંગે રંગાયેલા પોતાના પિતાને મન એ સર્વ દીકરીઓ દેવી કરતાં ઓછી નહોતી એ વાત જણાવે છે. સાથે પોતાના બાળપણની એક વાત કહે છે. તેમના ગામના બાપુએ પોતાની નવજાત દીકરીને દૂધપીતી કરી હતી તેનું હૃદયદ્રાવક ચિત્ર રજૂ કરે છે અને કહે છે,

"તું કહે છે, સમય બદલાઈ ગયો છે. દુનિયા ગ્લોબલ વિલેજ બની ગઈ છે એમ રોજ કહેવાય છે... પણ સમય ક્યાં બદલાયો છે બેટા! વસ્ત્રો બદલાયા છે, વિચારો તો એના એ જ છે... કુમળી બાલિકાનો ડૂબતાં ડૂબતાં આકાશ તરફ લંબાયેલો નાનકડો ગોરો હાથ." (પૃ. ૯૧)

**'બસ, થોડાં ડગલાં સાથે ચાલવું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

કરુણાના પતિ રાજવીર મૃત્યુ પામે છે. દીકરો કેનેડા સ્થાયી થયો છે. તે એકલી પડે છે. તેને હરવું-ફરવું ગમે છે. સારાં વસ્ત્રો પહેરીને મોજશોખ કરવા છે. પણ એક વિધવા સ્ત્રી

માટે સમાજે અમુક બંધનો નક્કી કર્યાં છે. આ પ્રકારનાં નિયંત્રણોનો જો કોઈ સ્ત્રી વિરોધ કરે તો તેને સમાજ બહિષ્કૃત કરે. કરુણાને સમાજમાં પ્રવર્તતી આવી અર્થહીન વાતો માટે ઉકળાટ થાય છે. તે કહે છે,

"પણ તું શું જાણે પતિ વિનાની ૫૦ વર્ષની વયની સ્ત્રીની ઇમેજ સમાજમાં સતી સાધ્વીની છે. એ હરેફરે, પહેરે, ઓઢે, સૌ સાથે મોકળે મને વાત કરે તો લોકોને બહુ ગમતું નથી. શું મારે સફેદ સાડલો પહેરી મંદિરે જ જવું જોઈએ તો જ હું સારી?..."(પૃ. ૧૭૯)

**'દીપમાળ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

પ્રમિલા ટ્રસ્ટની શાળામાં શિક્ષિકા છે. તેનું સ્વપ્ન છે કે ગરીબ અને પછાત વર્ગની દીકરીઓ સારું ભણે અને તેમનો સર્વાંગી વિકાસ થાય. આ માટે શાળાની પાછળ આવેલા ચોગાનમાં બગીચો, રમતગમતનું મેદાન બની શકે એવી તેની ભાવના છે. એ જગ્યા પર ટ્રસ્ટીઓની નજર છે. તેઓ કોઈ બિલ્ડરને આ જગ્યા વેચી દેવા માગે છે. આ કાર્યમાં આચાર્યનો પણ સાથ છે. પ્રમિલાને સમાજના કહેવાતા પ્રતિનિધિઓ સામે અસંતોષની ભાવના થાય છે.

**'ચંપાનું ફૂલ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

નાનકડી પુષ્પા અભ્યાસમાં નબળી છે. તે ગરીબ પિતાની છોકરી છે. જ્ઞાતિમાંથી ફી અને ચોપડાના પૈસા મળે ત્યાં સુધી તેના પિતા તેને ભણાવે છે. વર્ગમાં તેની કોઈ ખાસ બહેનપણી નથી. વર્ગની પૈસાદાર પિતાની છોકરીઓ તેને હંમેશા દબડાવે છે અને નીચી દેખાડે છે. કયા સમાજે તેમને ઊંચી પદવી આપી અને પોતાને ગરીબ બનાવી તે વાતે પુષ્પા મનોમન અકળાય છે. સમાજમા પ્રવર્તમાન વિરોધાભાસ સામે સંઘર્ષ અનુભવે છે.

"શાળા પૂરી થઈ અને ભણતરનો બોજ ખભે ભેરવી એ પગ ઘસડતી ચાલવા લાગી... અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકની જેમ વિદ્યાર્થિનીઓના ટોળામાંથી એ બહાર ફેંકાઈ જતી." (પૃ. ૧૬૨)

આ જૂથમાં સમાજમાં નિર્ધારિત નિયમો સામે સ્ત્રીનો સંઘર્ષ છે. બીમાર પત્નીની ચાકરી કરવાને બદલે તેને આશ્રમમાં મૂકી આવતા રૂપા આઘાત પામે છે. હરિજનોને સ્પર્શી ન શકાય પણ તેમની દીકરીઓ પર બળાત્કાર કરાય એવી નિમ્ન વિચારધારા સમાજમાં પ્રવર્તમાન છે. સમાજ ગમે તેટલો સુધરે પણ ગર્ભમાં દીકરી છે એમ જાણી માતાની કૂખમાં જ મોતને ઘાટ ઊતારી દેવાય છે. વિધવા સ્ત્રી માટે નિયમો બનાવનાર કાયર સમાજની સામે બંડ પોકારતી સ્ત્રીનો સંઘર્ષ આ જૂથમાં છે.

## જૂથ-૪ : સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ

આ જૂથમાં વાર્તાકારે એક સ્ત્રીનો અન્ય સ્ત્રી સાથેનો સંઘર્ષ દર્શાવ્યો છે. એમ કહેવાય છે કે સ્ત્રીની દુશ્મન સ્ત્રી જ હોય છે. એક સ્ત્રીના કારણે અનુભવાતો સંઘર્ષ અન્ય સ્ત્રી-પાત્રને કેટલી હદે માનસિક ક્ષતિ પહોંચાડે છે તેની આ જૂથમાં રજૂઆત છે. એક સ્ત્રીને અન્ય સ્ત્રી સાથેના સંબંધોમાં છાની ઈર્ષ્યા, છૂપો રોષ અને ક્યારેક અણગમો પણ હોય છે. એ દરેક તેના ઘર્ષણ માટેનું કારણ બને છે.

આ જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ છે. જે અંતર્ગત રેવાનો માતા તરફનો તિરસ્કાર છે. રેવાની મા માટેની ગંદી ગાળ એના સંઘર્ષની તીવ્રતાને વધારે છે. અમીએ નાનપણથી જ માતાનો પ્રેમ અનુભવ્યો નથી. એ બાબતનો અફસોસ તેને માતાની અંતિમ વિદાય વખતે પણ પીડે છે. રાની અને સુષ્મા પણ માતા તરફ સંઘર્ષ અનુભવે છે. ફિલ્મોમાં કામ કરતી રાનીની માતા પૈસા માટે તેનો ઉપયોગ કરે છે. સરકારી નોકરી કરતી સુષમાને ઘર વ્યવસ્થિત ન રાખતી માતા તરફ કંટાળો છે.

**'સાંજને ઉંબર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રેવા ફૂટપાથ પર રહેતી યુવતી છે. તેની મા સાવ નાની વયે તેને રઝળતી મૂકીને ચાલી ગઈ છે. એકલી પડેલી રેવાનો સંઘર્ષ બાળપણથી જ આરંભાય છે. લોકોને સહારે

મોટી થયેલી રેવા પોતાને અનાથ મૂકીને ચાલી જનાર માને નફરત કરે છે. જેને ક્યારે જોઈ પણ નથી તેવી માને અપશબ્દો બોલતા પણ અચકાતી નથી. આ વિધાનમાં મા પ્રત્યેનાં સંઘર્ષની પરાકાષ્ઠાનું વર્ણન છે.

"ઓ માડી રે... એ પરસેવે રેબઝેબ ચીસો પાડતી હતી. માડી? જીભ કચડીને ગંદી ગાળ સાથે એ માડી શબ્દને થૂંકી નાખતી હતી. માને શરીરે કીડા પડજો ભગવાન! એને ભવોભવ નરકમાં મેલજો. સગી દીકરીને મેલીને રાત માથે લઈ ભાગી ગઈ... ઈ રાંડ મા કે દુશ્મન..." (પૃ. ૧૮૩)

યુવાન થયેલ રેવા ભીખુ સાથે સહજીવનનું સપનું જુએ છે. એકવાર કોઈ પરપુરુષ તેની સાથે બળજબરી કરે છે. આ કારણે તે બાળકને જન્મ આપે છે. ભીખુ અન્યના બાળકને સ્વીકારવા તૈયાર ન હોવાથી રેવાને છોડીને ચાલ્યો જાય છે. ભીખુના ચાલ્યા જવાથી તે બાળક પ્રત્યે ગુસ્સે થાય છે. જેના લીધે જ ભીખુ જેવો સહારો ગયો તે બાળકને પોતે છોડી દે કે રાખે તેની અસમંજસમાં મુકાય છે.

"હું પણ આ ભીડમાં ખોવાઈ જાઉં તો? જુવાન છું, માથે બીજો કોઈ ઓછાયો શોધી લઈશ. ભીખુ ફરી રાખી લે એમ પણ બને. આખી જિંદગી એકલા શી રીતે જિવાશે? ન કોઈ બે મીઠા બોલ કહેનાર, ન જીવનનો બોજ હળવો કરનાર."(પૃ. ૧૮૩)

**'લાલ ઘરચોળું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

અમીની માતાને કેન્સરનો જીવલેણ વ્યાધિ થયો છે અને તે હવે બચવાની નથી. આ સમયે અમીને બાળપણનાં સંસ્મરણો ઘેરી વળે છે. અમીને યાદ આવે છે કે માએ તેની તરફ ક્યારેય વાત્સલ્યનો ભાવ બતાવ્યો નથી. એની સ્મૃતિ થતાં અમી અકળાઈ જાય છે. પોતાને પ્રેમ આપ્યા વગર જ માતા મૃત્યુ પામશે એ ખટકો નાયિકાના મનમાં છે. માતાનું નિઃસ્પૃહ વર્તન સમજી ન શકતી અમી ગુસ્સે છે.

"કોઈ વાર મમ્મીને ખૂબ હલબલાવીને પૂછવાની ગાંડીતૂર ઇચ્છા થઈ આવતી. મા તું આવી કેમ છે? તારી બધી ઇન્દ્રિયો, હૈયું પણ મૂક અને બધિર કેમ છે? પણ હું એ પણ જાણતી હતી કે આ આખો વ્યાયામ વ્યર્થ હતો. મા જેવી હતી એવી જ રહેવાની હતી." (પૃ. ૧૦૬)

**'ઓ રંગરસિયા' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રાની ફિલ્મોમાં કામ કરે છે. તેની માતા જાણે છે કે પોતાની દીકરીનો ઊપયોગ થાય છે. એ છતાં આંખ આડા કાન કરીને તેની કમાણી પર તાગડધિન્ના કરે છે. રાનીને ટૂંકાં કપડાં પહેરાવી નિર્માતાઓની સામે રજૂ કરે છે. માતાની આવી હરકતોને કારણે રાની માનસિક રીતે ભાંગી પડે છે.

"મમ્મી નવાઈ પામતી. બસ કરો? યે સેલ્ફ પ્રમોશન કી ઈન્ડસ્ટ્રી હૈ... ડાન્સ હીટ હો ગયા તો તું નંબર વન પહુંચ જાઓગી." (પૃ. ૯૬)

"સટાક તમાચો મારતી હોય એમ મમ્મી બગડીને બોલી ક્યા? વો તીન બેડરૂમ કા ફ્લેટ બૂક કીયા હૈ વો પૈસા મૈં કહાંસે ભરૂંગી? ઔર ક્યા જીવનભર યે ખટારા ગાડીમેં ધૂમોગી?" (પૃ. ૯૬)

**'બાવળનું ફૂલ' (અનુરાધા, ૨003)**

સુષમા તેની માતા સાથે ભાડાના ઘરમાં રહે છે. અન્ય ભાઈ અને બહેનો છે છતાંય માતાની જવાબદારી તે જ નિભાવે છે. હંમેશા લઘરવઘર વેશે ફરતી મા પ્રત્યે તેને સખત ચીડ છે. બધો પગાર હાથમાં આપવા છતાં ઘર અને પોતાને વ્યવસ્થિત ન રાખતી માતા તરફ તેનો કંટાળો છે. સુષમાને લાગે છે કે પોતાનાં લગ્ન થઈ જાય તો બાને કોણ રાખે એમ વિચારી તે પોતાનાં લગ્ન માટે પ્રયત્ન નથી કરતી. બાના સ્વાર્થીપણા તરફ તે મનોમન અકળાય છે.

"કેટકેટલીવાર બાને કહ્યું હતું કે તું સાંજે બહાર ન જા. ઑફિસથી આવું ત્યાં ઘરને તાળું... પણ કોણ જાણે જડ જેવી બા કંઈ સમજતી જ નથી. બસ સાંજે જ થેલી લઈ હાલી મળે... પછી નિરાંતે રસોઈ માંડીશ." (પૃ. ૨૯)

સુષમાને એકવાર અજાણતાં જ બાનો ભૂતકાળ જાણવા મળે છે. પિતાએ યુવાનીમાં રખાત રાખેલી. પતિનો એ સંબંધ જાણ્યા પછી પણ બા મૂંગી રહી અને પતિનો ત્રાસ સહન કર્યો. છેવટે બાળકોને સાથે લઈને ઘર છોડી દીધું. અહીં બાનો પતિ સાથેનો મૂક સંઘર્ષ દેખાય છે.

"સ્ત્રી દેહ છે. તકલીફ તો બહુયે થાય બહેન. શું કરીએ? આમેય જરા માંદીસાજી થતી એ તારા બાપુજીને મુદ્દલ ગમતું નહીં એટલે મૂંગા રહેવામાં જ સાર. પાછું એ ઘરમાં તો ઝાઝું હોય જ નહીં... એને જ ત્યાં..."(પૃ. ૩૭)

રેવા બાળપણમાં જ નોંધારી મૂકીને ચાલી ગયેલી તેની માતાને ધિક્કારે છે. ક્યારેય ન જોયેલી માતા તરફનો ક્રોધ એટલી હદે વણસે છે કે માતાના નામ પર થૂંકે છે. 'લાલ ઘરચોળું'ની અમીને માતાનું લાગણીશૂન્ય વર્તન ખૂંચે છે. માતાનાં અંતિમ સમયે પણ તે આ વાત ભૂલી નથી શકતી. 'ઓ રંગરસિયા' વાર્તામાં ફિલ્મોમાં હિરોઈન તરીકે કામ કરતી રાનીનો મા તરફ ગુસ્સો છે. મા જાણે છે કે રાનીનો ઉપયોગ થાય છે છતાં તે જોયું-નજોયું કરે છે. સુષમાને લાગે છે કે માતા સ્વાર્થી છે. અહીં સ્ત્રીનો અન્ય સ્ત્રી સાથેનો સંઘર્ષ ઘેરો બન્યો છે.

## પ્રકરણ સમાપન

વર્ષા અડાલજાની વાર્તાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમણે વિવિધ ઘટનાપ્રસંગો વડે સ્ત્રી-પાત્રોની સમસ્યાઓને આલેખી છે. જે તેમના ભાવનાત્મક સંઘર્ષનું કારણ બને છે. આ સંઘર્ષ માટે અમુક કારણો જવાબદાર પરિબળ તરીકે ઉપસી આવ્યાં છે. જેમાં દામ્પત્યજીવનનો ખટરાગ, સમાજમાં પુરુષનું પ્રતિનિધિત્વ, પરંપરાગત માન્યતાઓ,

સ્ત્રીસ્વતંત્રતાને અવરોધતા નિયમો, વૃદ્ધાવસ્થાની એકલતા, વિધવાજીવન, નિઃસંતાનપણું, સ્વતંત્રતાનો અભાવ, અન્યોનું ઉપેક્ષિત વર્તન, ત્યકતાના પ્રશ્નો, બે પેઢી વચ્ચેનું અંતર જેવાં કારણો જોવા મળે છે. આ કારણોસર એમનો સ્વ સાથેનો, પુરુષ સાથેનો, સમાજ સાથેનો કે સ્ત્રી સાથેનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે.

ઉપરોક્ત પરિબળો સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષ માટે જવાબદાર બન્યાં છે. વાર્તામાં અમુક ઘટનાઓ કે પરિસ્થિતિ સર્જાય છે જેની સાથે સ્ત્રી-પાત્રો અનુકૂળ થઈ શકતાં નથી. આવી ઘટના કે અન્ય પાત્રોનું વર્તન તેમને અસહજ બનાવે છે. સ્ત્રી-પાત્રો આ સામે વિરોધ નોંધાવે છે. તેમની માનસિકતા સાથે મેળ ન ખાતા પરિબળ સાથે અનુકૂલન ન સાધી શકવાને કારણે તેઓ સંઘર્ષમય સ્થિતિમાં આવે છે. આ સાથે ભૂતકાળની યાદો, વિચારો, કલ્પનાઓ વગેરે આંતરિક ઉદ્દીપકો સંઘર્ષને વધુ ઉજાગર કરે છે. વાર્તાઓમાં આ સંઘર્ષ સાધારણથી તીવ્ર કક્ષા સુધીનો જોવા મળે છે.

વર્ષા અડાલજાની વાર્તાનાં સ્ત્રી-પાત્રો વિભિન્ન પ્રકારનો સંઘર્ષ અનુભવે છે. જેમાં સ્ત્રીને અનુભવાતા સ્વસંઘર્ષની માત્રા સૌથી વધુ છે. સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ પણ ઊપસીને આવ્યો છે. સમાજમાં સદીઓથી પ્રવર્તમાન માન્યતાઓ તરફનો સંઘર્ષ પણ અહીં દૃશ્યમાન થયો છે. સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ અલ્પ છે.

સ્વસંઘર્ષના જૂથમાં જોઈ શકાય છે કે સ્ત્રીની લાગણી સાથે ચેડાં થતાં હોય, તેને અપમાનિત કરવાનો પ્રયત્ન થતો હોય ત્યારે તે ઘર્ષણમાં પડે છે. પોતાની શરતે જીવવાની ઇચ્છા અને મથામણોમાંથી સંઘર્ષ જન્મે છે. આ સંઘર્ષ પોતાની જાત સાથે કે અન્ય પાત્રો સાથેનાં વ્યવહારમાં દેખાય છે. પરિણીત સ્ત્રી પોતાની કમાણી બહેનો માટે કેમ ન વાપરી શકે તે વિચાર સ્ત્રીપાત્રોના મનમાં ઉદ્વેગ પેદા કરે છે. પિતા અને પુત્રની વચ્ચે પિસાતી નારી ન કહેવાય ન સહેવાય એવો ભાવ અનુભવે છે.

આ સાથે શારીરિક ઇચ્છાઓની અતૃપ્તિ, પારકી અને પોતીકી વ્યક્તિઓ સાથે રચાતું વાતાવરણ સ્ત્રીસંઘર્ષ માટે નિમિત્ત બને છે. મનમાં રોપાયેલા આદર્શો અને સંસ્કારોનું અવમૂલ્યન થતાં સ્ત્રી-પાત્રો આઘાતમાં સરી પડે છે. પતિથી છૂટી પડેલી સ્ત્રી સ્વને શોધવા માટે આંતર-ખોજ કરે છે. તેમાં નિષ્ફળ થતાં અસહાયતા અનુભવે છે. વિધવા સ્ત્રી પોતે નિરાશ્રિત છે એમ સમજતાં લાચારી અનુભવે છે. આધુનિક સ્ત્રી સંસારની સાથે વ્યવસાયિક ક્ષેત્રે પણ કાર્યરત હોય છે. સહકાર્યકરો સાથે થતી ચણભણ તેનામાં સંઘર્ષ ઉત્પન્ન કરે છે. આ રીતે સ્ત્રીના સ્વસંઘર્ષ પાછળ સંજોગ, વાતાવરણ અને પરિસ્થિતિ જવાબદાર બને છે. જેના કારણે સ્ત્રી-પાત્રો આંતરિક મથામણ અનુભવે છે. આ સ્ત્રી-પાત્રો સંઘર્ષમય પરિસ્થિતિમાં લાચારી, અસહાયતા, અસંતોષ, તાણ અને બેચેની જેવા ભાવો અનુભવે છે.

બીજા જૂથમાં પુરૂષોને કારણે સંઘર્ષમાં મૂકાતી સ્ત્રીની વેદના આલેખી છે. સ્ત્રી-પુરુષના સંઘર્ષનું મુખ્ય કારણ પતિ-પત્ની વચ્ચેનો સંબંધ છે. પુરુષનો અનૈતિક સંબંધ, નબળી મનોવૃત્તિ, અઘટિત માગણી, પુત્રનું બેજવાબદાર વર્તન વગેરે આ માટેના પરિબળો છે. આધુનિક નારી પુરુષના અહં અને ગર્વ સામે માથું ઊંચું કરીને વિદ્રોહ કરે છે. પુરુષોના અપમાનજનક શબ્દો સ્ત્રીપાત્રોને માનસિક ક્ષતિ પહોંચાડે છે. પતિથી છૂટી પડેલી સ્ત્રી એકલા હાથે બાળકની જવાબદારી પૂર્ણ કરે છે. યુવાન પુત્ર સામો થતાં તેનો સંઘર્ષ વધી જાય છે. પુરુષના લગ્નેતર સંબંધને કારણે સ્ત્રી-પાત્રો સંઘર્ષમાં પડે છે.

ઉપરી અધિકારીની બદદાનત પારખી જતી સ્ત્રીને અજંપો થાય છે. પતિ એ નજરને કેમ જોઈ શકતો નથી એ વિચારે તેને પતિ તરફ ઘર્ષણ થાય છે. પતિનાં વધુ પડતાં લાડ અને આળપંપાળ સ્ત્રી-પાત્રોને ગૂંગળાવે છે. જેમાં તેના અસ્તિત્વનો લોપ થાય છે. પોતાનો ભાઈ ગુનેગાર છે એ જાણવા છતાં કશું ન કરી શકવાની વિવશતા સ્ત્રીને યાતના આપે છે. પતિનો અહંકારી સ્વભાવ અને તેને કારણે થતી માનસિક અથડામણ સ્ત્રીને નિ:સહાય બનાવે છે.

આ રીતે પુરુષનો સ્ત્રી પ્રત્યેનો વ્યવહાર, તેનું વર્તન, તેની ખરાબ દાનત, વાસનાયુક્ત સ્પર્શ વગેરે પરિબળો સ્ત્રી-પાત્રોના પુરુષ સાથેના સંઘર્ષનું કારણ બને છે.

સામાજિક વ્યવસ્થા પણ સ્ત્રીસંઘર્ષ માટે એક મહત્ત્વનું પરિબળ બન્યું છે. જેને કારણે વાર્તાનાં સ્ત્રી-પાત્રો માનસિક સંઘર્ષ કરતાં જોવાય છે. સ્ત્રીના સમાજ સાથેના સંઘર્ષ પાછળ સમાજના રિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, અંધશ્રદ્ધા, પ્રતિષ્ઠા જેવાં પરિબળો ભાગ ભજવે છે. સમાજ દ્વારા શોષિત થવાની ઘટના બને ત્યારે સ્ત્રી-પાત્રો માનસિક સંઘર્ષમાં પડે છે. વિધવા અને વિધુર માટે સમાજના નિયમો અલગ શા માટે છે એ વિચારતી સ્ત્રીઓ અકળામણ અનુભવે છે. કિશોરીને ગરીબીને કારણે શાળામાં કોઈ મિત્ર નથી. એકલતા અને સમાજમાં પ્રવર્તમાન અસમાનતા તેના મનમાં વિષાદ જન્માવે છે. પુરુષની વાસનાનો ભોગ બનેલ યુવતી ફરિયાદ કરવાનું વિચારે છે પરંતુ પોલીસ ગુનેગારો સાથે મળી ગયા છે એ જાણી મનોમન ઘૂંટાય છે.

વાર્તામાં સામાજિક વ્યાપારો સાથેનો સંઘર્ષ પણ છે. સમાજમાં રૂઢ થઈ ગયેલી માન્યતા એવી છે કે 'દીકરો જ દી' વાળે'! સ્ત્રી-પાત્રો આ પુરાણી સામાજિક વ્યવસ્થાને સ્વીકારવા માટે માનસિક રીતે સજ્જ નથી. આથી તેનો સીધો સંઘર્ષ એ સામાજિક રૂઢિઓ સામે છે. પરિવારનો વંશ વધારવા દીકરો જોઈએ જ એવી પરંપરાગત માન્યતાઓ સામે તેને આંતરમથામણ થાય છે. આ સાથે સમાજની વ્યવસ્થા સામે પણ સંઘર્ષ છે, જેમાં લગ્ન કરીને આવેલી સ્ત્રીને કોઈ મોકળાશ મળતી નથી એ વાત દેખાય છે. સ્ત્રીના અસ્તિત્વને ઘૂંટી નાખતા રિવાજો તરફ તે ઘર્ષણ અનુભવે છે.

સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ અલ્પ પ્રમાણમાં છે. આ સંઘર્ષ પાછળ સ્વાર્થવૃત્તિ, અણગમતી પરિસ્થિતિ, અપેક્ષાઓ પરિબળો ભાગ ભજવે છે. સ્વાર્થી મનોવૃત્તિ ધરાવતી માતા તરફ દીકરીનો આક્રોશ છે. સગી જનેતા તરફથી તરછોડાયેલી યુવતી માતાને ધિક્કારે છે. ફિલ્મ લાઈનમાં પુત્રીનો અનુચિત રીતે ઉપયોગ થાય છે. આ જોઈને પણ મા શાંતિથી બેસે છે એથી

દીકરીનું ભાવવિશ્વ હચમચી જાય છે. માતા-પુત્રીનું સંબંધનું વિશ્વ કેટલું પોકળ છે એ અહીં રજૂ થયું છે.

આમ, આ પ્રકરણમાં કોઈને કોઈ કારણે સંઘર્ષમય પરિસ્થિતિમાં આવતી નારીનું ચિત્રણ છે. કેટલીક સ્ત્રીઓ આ સંઘર્ષનો મૂક સ્વીકાર કરે છે. તો ઘણી સ્ત્રીઓ એ જડ નિયમો અને બંધનોનો અસ્વીકાર કરે છે. સ્ત્રી-પાત્રોના સંઘર્ષ માટે જવાબદાર પરિબળોમાં પુરુષનું આધિપત્ય, નૈતિક મૂલ્યોનું પતન, યાંત્રિકતા, વૈવાહિક જીવનની સમસ્યાઓ, સ્વમાન માટેની લડાઈ, અસ્તિત્વનો હ્રાસ વગેરે છે.

---

[i] 'ક્યૂં તેરા રહેગુજર યાદ આયા?', આર. આર. શેઠની કંપની, અમદાવાદ. પૃ. ૨૮

[ii] 'ક્યું તેરા રહેગુઝર યાદ આયા?', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, પૃ. ૨૪-૨૫